
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

# SHREE ATMANAND PRAKASH




**Vol-1 * Issue-3-4**

**February-2001**

મહા

ફેબ્રુઆરી-૨૦૦૧

આત્મ સંવત : ૧૦૫

વીર સંવત : ૨૫૨૭

વિક્રમ સંવત : ૨૦૫૭

પુસ્તક : ૯૮


दरिद्रत्वेऽपि यस्यास्ति धर्माराधनमक्षतम् ।
स स्वं धनाढ्यं संवेत्ति दैन्यं तस्य सतः कुतः ? ।।

*

ગરીબ હાલતમાં પણ જેનું ધર્મારાધન નિર્બાધપણે પ્રવર્તે છે તે પોતાને ધનાઢ્ય સમજે છે. એ મહાભાગને દીનતા કેમ હોય ? ૩૮

*

Even a poor man whose performance of dharma uninterruptedly continues, perceives himself to be rich. There is no possibility of sorrow for him advanced in wisdom and spirit. 38

*(કલ્યાણભારતી ચેપ્ટર-૬ : ગાથા-૩૮, પૃષ્ઠ ૧૩૩)*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહ

## અનુક્રમણિકા



| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | તું રગાઈ જા ને રંગમાં | ધનવંત ડી. શાહ | ૧ |
| (૨) | માણસ ગમે તેટલો વિકાસ કરે પરંતુ અતર-મન ન વિકસે તો બધું વ્યર્થ | મહેન્દ્ર પુનાતર | ૨ |
| (૩) | હિમાલયની પત્રયાત્રા | મુનિશ્રી જંબૂવિજયજી મ. | ૫ |
| (૪) | જીવનમાં ધાર્યું કરવું હોય તો.... અંતરાય કર્મ કરવાથી દૂર રહો | દીપક દેસાઈ | ૧૦ |
| (૫) | એવા ચમત્કારોને સો ગજના નમસ્કાર | શ્રી લક્ષ્મીચંદભાઈ છ. સંઘવી | ૧૩ |
| (૬) | વિવિધ વિચાર સરણીઓ | નરોત્તમદાસ અમુલખરાય કપાસી | ૧૫ |
| (૭) | પુણિયાનું ચિત્ત સામાયિકમાં કેમ ડોલવા લાગ્યું? | મુકેશ સરવૈયા | ૧૯ |
| (૮) | પૂ. શ્રી જંબૂવિજયજી મહારાજ સાહેબના વ્યાખ્યાનો (ગતાંકથી ચાલુ હપ્તો : ૨૩મો) | મુનિશ્રી જંબૂવિજયજી મ. | ૨૦ |



### મૈત્રીનો મઘમઘાટ

**મૈત્રી-ભાવનાની પાવન પ્રક્રિયા :** શાંત ચિત્તે એકાંત સ્થાનમાં બેસી અંતરના ઊંડાણમાંથી આવી ભાવનાને વહેતી મૂકો :

વિશ્વના સર્વ જીવોનું કલ્યાણ થાઓ. વિશ્વના સર્વ જીવોનું શુભ થાઓ.
વિશ્વના સર્વ જીવોનું હિત થાઓ. વિશ્વના સર્વ જીવો સુખી થાઓ.
વિશ્વના સર્વ જીવો દુઃખ મુક્ત બનો. વિશ્વના સર્વ જીવો ચિંતામુક્ત બનો.
વિશ્વના સર્વ જીવો કષાયમુક્ત બનો. વિશ્વના સર્વ જીવો પાપમુક્ત બનો.
વિશ્વના સર્વ જીવો કર્મમુક્ત બનો. વિશ્વના સર્વ જીવો રાગમુક્ત બનો.
વિશ્વના સર્વ જીવો રોગમુક્ત બનો. વિશ્વના સર્વ જીવોના શુદ્ધ સ્વરૂપને હું અંતરથી ચાહું છું.

સહુનું શિવ થાઓ. સહુનું શ્રેય થાઓ.
સહુને શાંતિ મળો. સહુને સમાધિ મળો.
સહુને સદ્‌ગતિ મળો. સહુને પરમગતિ મળો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ટ્રસ્ટ રજી. નં. એફ-૩૭ ભાવનગર

**શ્રી જૈન આત્માનંદ સભા**

ભાવનગરનું મુખપત્ર

**શ્રી આત્માનંદ પ્રકાશ**

તંત્રી : પ્રમોદકાંત ખીમચંદ શાહ

ફોન : ઓ. ૫૧૬૬૦૭ ઘર : ૫૬૩૬૪૫

**: માલિક તથા પ્રકાશન સ્થળ :**

શ્રી જૈન આત્માનંદ સભા

ખારગેઈટ, ખોડિયાર હોટલ સામે,

ખાંચામાં, ભાવનગર-૩૬૪૦૦૧

ફોન નં. (૦૨૭૮) ૫૨૧૬૯૮

*

સભા પેટ્રન મેમ્બર ફી રૂા. ૧૦૦૧=૦૦

સભા આજીવન સભ્ય ફી રૂા. ૫૦૧=૦૦

*

**શ્રી આત્માનંદ પ્રકાશ વાર્ષિક જાહેરાત દર :**

આખું પેઈજ રૂા. ૩૦૦૦=૦૦

અર્ધુ પેઈજ રૂા. ૧૫૦૦=૦૦

શૈક્ષણિક ઉત્તેજન, જ્ઞાન ખાતુ, સભા નિભાવ ફંડ, યાત્રા પ્રવાસ આદિમાં વ્યાજું ફંડ માટે ડોનેશન સ્વીકારવામાં આવે છે.

: ચેક ડ્રાફટ :

શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગરના નામનો લખવો.

**સભાના હોદ્દેદારશ્રીઓ :**

(૧) પ્રમોદકાંત ખીમચંદ શાહ—પ્રમુખ
(૨) દિવ્યકાંત એમ. સલોત—ઉપપ્રમુખ
(૩) હિંમતલાલ એ. મોતીવાળા—મંત્રી
(૪) ચીમનલાલ વર્ધમાન શાહ—મંત્રી
(૫) ભાસ્કરરાય વી. વકીલ—મંત્રી
(૬) હસમુખરાય જે. હારીજવાળા—ખજાનચી

# તું રંગાઈ જાને રંગમાં....

રંગાઈ જાને ધરમમાં
તું રંગાઈ જાને ધરમમાં
મહાવીરના શાસનમાં
સંયમના તું રંગમાં.....રંગાઈ

મોહ-માયાના આ જગતમાં
તૃષ્ણાનો નહીં પાર....(૨)
ટી. વી. વિડીયો ફ્રીઝ ઘરેઘર
કોઈ ન આવે સંગમાં...રંગાઈ

આ સંસારે સુખ ભોગવતા
કરતાં પાપાચાર....(૨)
જનમ-મરણના ફેરા ફરતાં
કરજો સહુ વિચાર.....રંગાઈ

નવખંડાના દર્શન કરીને
કરજો ભક્તિ અપાર....(૨)
ભક્તિ કરતાં પુણ્ય બંધાશે
તરવા આ સંસાર.....રંગાઈ

લાખ ચોરાશી ફેરા ફરતાં
મળ્યો મનુષ્ય અવતાર....(૨)
હાથ લાગ્યો હીરો જગમાં
જો જો ના ગુમાય.....રંગાઈ

શ્રી વૃદ્ધિચંદ્રજી મંડળે ગાવે
ગાવે ભક્તિ ગાન....(૨)
ભક્તિ કરતાં ભાવ વધે તો
થાશે બેડો પાર.....રંગાઈ

*રચયિતા : ધનવંત ડી. શાહ*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# માણસ ગમે તેટલો વિકાસ કરે પરંતુ અંતર-મન ન વિકસે તો બધું વ્યર્થ

—મહેન્દ્ર પુનાતર

જીવન વહેવારમાં સ્વાર્થ અને સંકુચિત ભાવનાને કારણે મનની મોકળાશ જેટલી હોવી જોઈએ તેટલી રહી નથી. મોટાભાગના સ્વાર્થના સંબંધો છે. કાંઈક મેળવવાની અપેક્ષા છે. આ અપેક્ષા પૂર્ણ થતી નથી ત્યારે સંબંધો તૂટે છે. સ્વાર્થના પડળોને કારણે આપણે નિખાલસ, ખુલ્લા મનવાળા, પારદર્શક બની શકતા નથી. આપણા મનમાં કાંઈક હોય છે અને કરતાં કાંઈક બીજું હોય છે. દંભ આપણી પ્રવૃત્તિઓનો પ્રાણ બની ગયો છે. આપણને પોતાને શું લાગે છે તેની આપણને કશી પડી નથી, પરંતુ બહારના જગતમાં આપણે કેવા દેખાશું તેની ચિંતા છે. દંભના કારણે સત્યનો ભોગ લેવાયો છે. માણસ બહાર સારો દેખાતો હોય છે, પરંતુ અંદરખાને તે કેવો હોય છે તે કહેવું મુશ્કેલ છે. માણસના બહારના અને ભીતરના જીવન જુદા છે. દંભના કારણે જૂઠનો વહેવાર ચાલે છે. એક જૂઠને છુપાવવા માટે અનેક જૂઠો ચલાવવા પડે છે અને આ દુષ્ચક્રમાંથી બહાર નીકળી શકાતું નથી. માણસના જીવનમાં દંભ અને દિખાવટ એટલી હદે છવાઈ જાય છે કે તેને પોતાનો અસલી ચહેરો જોવો ગમતો નથી, આ ચહેરો તેને બિહામણો લાગે છે. જીવનમાં ખોટો દોરદમામ અને ખોટો દેખાવ સરળતા અને સાહજિકતાને હણી નાખે છે અને માણસ વધુ કઠોર બની જાય છે અને સ્વાભાવિક સંવેદના ગુમાવી બેસે છે.

ધર્મના સિદ્ધાંતો અને નીતિ--નિયમોનું સાચું અનુસરણ જીવન જીવવાનો માર્ગ ચિંધે છે અને સંસ્કાર પ્રેરે છે. સાચો ધાર્મિક માણસ અસંસ્કારી, સંકુચિત અને દંભી હોઈ શકે નહીં. તે ખુલ્લા મનવાળો ઉદારમતવાદી હોવો જોઈએ. ધન દોલત અને સંપત્તિની આસક્તિ કરતાંય વિચારોની આસક્તિએ ઘણાં અનર્થો સર્જ્યા છે. હું કહું એજ સાચું બીજું બધું નકામું એવી સંકુચિત વિચારધારાએ ઘણી આફતો ઊભી કરી છે. તેનાથી ધર્મના નામે ઝનૂન સર્જાય છે અને માણસ શેતાન જેવો બની જાય છે. વિચારોની ઉદારતા એટલે મનુષ્યની સભ્યતા. જે માણસનું મન ઉદાર છે તે જ નિર્ભય બની શકે છે. માણસ ગમે તેટલો વિકાસ કરે, પરંતુ હૃદય ન વિકસે તો તેમાંથી ફોરમ પ્રસરે નહીં. નકલી ફૂલો ગમે તેટલા સુંદર હોય, પરંતુ ખૂશ્બુ આપી શકે નહીં.

**દંભ અને જૂઠને પણ ટકી રહેવા માટે સત્યના વાધા પહેરવા પડે છે.**

આજે ભૌતિક વસ્તુઓ અને સુખોની બોલબાલા છે. દુન્વયી સુખોની આંધળી દોટે માણસને માણસ રહેવા દીધો નથી. આજનું જીવન આધિ, વ્યાધિ અને ઉપાધિથી ઘેરાયેલું છે. ચિંતા ચિતાની જેમ જલાવી રહી છે. ક્રોધ, માન, માયા અને લોભથી બચવાને માટે મૈત્રી, પ્રેમ, કરુણા અને માનવતાને વધુ પ્રસરાવવાની જરૂર છે. સારુ જોવું, સારુ સાંભળવું અને સારુ કરવું, મન, વચન અને કાયાએ કરીને દુઃખ ન પહોંચાડવું અને જગતના સર્વ જીવોનું કલ્યાણ ઈચ્છવું એ મનુષ્યતાનો સર્વોત્તમ વિજય છે અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધર્મનો સાર છે. રાગ--દ્વેષ, માન--અભિમાન અને અહંકારના પડળોને નિરોહિત કરીને માણસ ઉચ્ચગતિને પામી શકે છે. માણસ નમ્ર, નિખાલસ અને સરળ બને તો મોટા ભાગની વિટંબણાઓ દૂર થઈ જાય. આ અંગે એક બોધકથા પ્રેરક છે.

પરમેશ્વરે જ્યારે જીવનનું નિર્માણ કર્યું ત્યારે માનવી પોતાની બંને આંખોએ સારી વસ્તુઓ જોતો હતો, બંને કાન વડે સારી વાતો સાંભળતો હતો અને બંને હાથે સારા કાર્યો કરતો હતો. આથી શેતાન સાવ નવરો બની ગયો હતો.

એક દિવસ શેતાન સંપૂર્ણ ઉજ્જવળ સ્વરૂપ

**જગતના સર્વે જીવો પ્રત્યે પ્રેમની લાગણી એ મનુષ્યતાનો સર્વોત્તમ વિજય**

ધારણ કરીને માનવી પાસે ગયો અને કહ્યું 'તમે કેવા ગાંડા લોકો છો. શું એક આંખે નથી દેખાતું, એક કાનથી નથી સંભળાતું, એક હાથથી કામ નથી લેવાતું? જ્યાં એકની જરૂર છે ત્યાં બેનો ઉપયોગ કરવામાં શું મૂર્ખતા નથી? બંનેનો ઉપયોગ કરશો તો જલદીથી ઘસાઈ જશો. એકને સાચવી રાખો.

માણસને શેતાનની વાત ગળે ઉતરી ગઈ, બસ ત્યારથી તે એક આંખે જોવા લાગ્યો, એક કાને સાંભળવા લાગ્યો અને એક હાથે કામ કરવા લાગ્યો.

આથી પરિણામ એ આવ્યું કે નવરા પડેલા બીજા અંગનો શેતાને કબજો લીધો. પછી માનવીની આંખે સારા સાથે નરસું જોવા માંડ્યું. એના કાને સાચાની સાથે ખોટું સાંભળવા માંડ્યું અને હાથ સત્કર્મની સાથે પાપકર્મ કરવા માંડ્યા.

અને પછી તો માનવી એટલી ભૂલ-ભુલામણીમાં પડી ગયો કે સારામાંથી નરસું અલગ કરવામાં અને સત્યમાંથી જૂઠ તારવવામાં પડી ગયો અને દંભે સત્યનો આચળો ઓઢી લીધો.

**નકલી ફૂલો ગમે તેટલા સુંદર હોય તો પણ ખૂશ્બુ આપી શકે નહીં**

મનુષ્યનું જીવન ઘડતર એના સંસ્કારો પર આધારિત છે. શિક્ષણ અને ધર્મ સારા સંસ્કારોનું સિંચન કરે છે. માણસ પોતાના અંગત માહોલમાં અને બહારની દુનિયામાં કેવો છે તેના પરથી તેના સંસ્કારો અને રીતભાતનો ખ્યાલ આવે છે. બહુધા માણસ બહારની દુનિયામાં વધુ સંસ્કારી અને વધુ સજ્જન નજરે પડે છે. પરંતુ તેના અંગત જીવનમાં તે એટલો સંસ્કારી, સારી રીતભાતવાળો બની શકતો નથી. સંસ્કાર અને સજ્જનતા પણ કેટલીક વખત દેખાવ બની જાય છે. તેનો મુખવટો પહેરીને લોકો બહાર સારા દેખાતા હોય છે. આવા માણસો ઘરની અંદર કઠોર અને વિચિત્ર જણાતા હોય છે. દરેક માણસ મૂળભૂત સ્વભાવ મુજબ સંસ્કારી કે અસંસ્કારી નજરે પડે છે. માણસ આખી દુનિયા સાથે મીઠાશથી વર્તતો હોય છે, પરંતુ નિકટના પ્રિયજનો અને ખાસ કરીને પત્ની સાથેનું તેનું વર્તન કઠોર હોય છે. આના કારણે ઉષ્માભર્યા સંબંધોમાં ઘસારો પહોંચે છે. આપણે ત્યાં માની લેવામાં આવ્યું છે કે જેની સાથે અંગત સંબંધો હોય તેની સાથે ગમે તેમ વર્તી શકાય. પરસ્પરના સંબંધોમાં સંવેદનશીલતા બુઠ્ઠી થાય છે. ત્યારે તેના પ્રત્યેનો પ્રેમ અને સ્નેહ પણ ઓછો થાય છે. સંસ્કાર એટલે માણસ માણસ વચ્ચેનો વહેવાર વધુ સરળ અને ઉષ્માભર્યો બને એવો પરસ્પરનો અભિગમ. આપણે ત્યાં સત્ય અહિંસા, અનુકંપા, દયા વગેરે પર સૂક્ષ્મ વિચારો થાય છે, પરંતુ તેનો કેમ અમલ કરવો, તે અંગે કઈ રીતે સભાન બનવું તેની આપણે બહુ પરવા કરતાં નથી. મનુષ્ય સંબંધમાં કઈ રીતે ઓછો ઘસારો લાગે અને સારા સંસ્કારો જીવનમાં કઈ રીતે વણાઈ જાય તેના પર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




આપણું સામાજિક જીવન અને આપણી નૈતિકતાનો આધાર છે. જયાં આપણને કશો ફાયદો થવાનો ન

**મનુષ્યનું જીવન ઘડતર તેના સંસ્કારો પર આધારિત છે.**

હોય તેવી પરિસ્થિતિમાં નાનામાં નાના માણસ સાથેનું આપણું વર્તન કેવું છે એ આપણા સંસ્કારની કસોટી છે. આપણા વહેવાર અને રીતભાતથી સામો માણસ જેટલા અંશે પ્રસન્ન થાય તેટલી આપણી સંસ્કારિતા તેજસ્વી છે.

ઈશ્વરે આ પૃથ્વીનું સર્જન કર્યું ત્યારે માણસ આનંદપૂર્વક જીવી શકે એવી તમામ સુવિધાઓ આપી હતી. પ્રકૃતિના હર તત્ત્વોમાં જીવન ધબકતું હતું. જીવ સૃષ્ટિ અને વનસ્પતિ સૃષ્ટિએ સૌંદર્યને અજબનો નિખાર આપ્યો હતો. ખળખળ વહેતી નદીઓ, ઝરણાઓ, આકાશ, પર્વતો, પક્ષીઓ, પ્રાણીઓ સાથે કુદરતી તત્ત્વોથી આ જગત ભર્યું ભર્યું હતું. પરંતુ માણસે સુખની વધુ પડતી ખોજમાં પ્રકૃતિ સાથે ચેડાં કર્યા અને કુદરતી તત્ત્વોનો વિનાશ કર્યો. પ્રકૃતિ બદલાવાની સાથે માણસનો સ્વભાવ બદલાઈ ગયો, આચાર, વિચાર, સંસ્કારો બદલાઈ ગયા. વિજ્ઞાને અને નવી નવી શોધોએ માણસને સુખસગવડતાના અનેક સાધનો આપ્યા, પરંતુ મનની શાંતિ છિનવી લીધી. માણસનું જીવન યાંત્રિક બની ગયું છે. અતૃપ્તિ અને અશાંતિ વધી છે. દરેક માણસને શાંતિ જોઈએ છે, પરંતુ મનની અંદર ઉપદ્રવો છે, ભીતરમાં કોલાહલ છે પછી શાંતિ ક્યાંથી પ્રાપ્ત થઈ શકે?

*(મુંબઈ સમાચાર તા. ૧૪-૬-૯૮ના જિન-દર્શન વિભાગમાંથી સાભાર)*




શ્રી આત્માનંદ સભા
દ્વારા પ્રકાશિત
**"શ્રી આત્માનંદ પ્રકાશ"**
રૂપી
જ્ઞાન દીપક
સદા
તેજોમય રહે
તેવી
હાર્દિક
શુભેચ્છાઓ....

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# હિમાલયની પત્રયાત્રા

**પત્ર-૩ લેખક : મુનિરાજશ્રી જંબૂવિજયજી મહારાજ**

**પ્રેષક : પૂ. આ. શ્રી પદ્યુમ્નસૂરિજી મ.**

**સકિનીધાર** **વૈશાખ વદ-૭**

વંદના.

ગંગા કિનારે મંદિર પાસેના મકાનની અગાસીમાં રાત રહી, સવારમાં પ્રયાણ કર્યું. રાત્રે ખળખળ વહેતાં ગંગા માતાના દર્શન અને વહેણના શ્રવણ સતત થયા જ કરતાં હતાં.

અને કહેવામાં આવ્યું હતું કે આજનો ૧૨, કિલોમીટરનો વિહાર સતત ચડાણવાળો ગિરનારની યાત્રા જેવો છે, એટલે માનસિક રીતે સજ્જ થઈને રહ્યા હતાં. ખરેખર ઊંચે ને ઊંચે અમે ચડતા જ ગયા. નીચે ખીણ ઊંડી ને ઊંડી થતી જ ગઈ. હજારો ફૂટ ઊંડી ખીણમાં વહેતી ગંગા નદી ક્યારેક તો એના પાણીના વહેળા કે વોકળા જેવી જ લાગતી હતી. સાત-આઠ કિલોમીટર પહોંચતા પહોંચતા તો બધાં હાફી ગયા. ૩ કલાકે માંડ બે-ત્રણ કિલોમીટર ચલાય. એક બાજુ પહાડો અને બીજી બાજુ ખીણ. વચમાં નાની સડક. તેના ઉપર સતત દોડતી યાત્રિકોની મોટરો એક સ્થળે થોડીક જગ્યા મળી, ત્યાં થોડીવાર વિશ્રામ કરીને નોકારશી કરીને પાછા ચાલ્યા. ઉપર સૂર્યનારાયણ આવી ગયા. એમણે તીખાં કિરણોની વૃષ્ટિ કરવા માંડી. લગભગ ૧૧ વાગે અહીં આવ્યા. એક દુકાનદારની જગ્યા છે, પાછળ સ્કૂલ છે. ત્યાં સાધ્વીજી પહોંચી ગયા. અમે દુકાનદારની જગ્યામાં રોકાયા છીએ. આખા રસ્તે કુદરતના નવાં નવાં દૃશ્યો જોતાં જોતાં ચાલીએ છીએ. ક્યાં તો નજરે જોવાય કે ક્યાં તો વીડીઓ હોય તો જ આ દૃશ્યો કંઈક ઝડપાય. શબ્દોથી એને ક્યાંથી આકાર અપાય?

બે દિવસ પહેલાં જ એક મોટર ઊંડી ખીણમાં પડી હતી અને તેના ચૂરેચૂરા થઈ ગયા હતા. માણસો એના ભાગોને કાઢતા હતા. એ જોતા પણ આશ્ચર્ય લાગે. માણસો ઉતરીને નીચે પણ જાય છે.

ખીણ એટલી બધી ઊંડી છે, એના કિનારા પાસે જઈને, જોતા પણ આપણને તમ્મર આવી જાય, ભેખડ પાસે ઉભા રહીને જ ખીણને જોવાની. ભગવાન અને ગુરુમહારાજની કૃપાથી, અહીં સુધી તો આવી પહોંચ્યા છીએ.

મુંબઈના પ્રાણલાલભાઈ કાનજી દોશીએ યોગ્ય લોકોને આપવા માટે બુંદીના લાડવા બનાવીને આપ્યા છે. રસ્તામાં બાવાજીઓ મળ્યા. બદ્રીનાથ તરફ જતા હતા. આપણા માણસોએ એમને લાડવા--ગાંઠિયા--ચા--પાણી કરાવીને તૃપ્ત કર્યા.

એક સ્થળે એક બાવાજી સડકના કિનારા ઉપર જ તાવથી કણસતા કણસતા સૂતા હતા. એમને તાવની દવા આપીને આપણા શ્રાવકોએ મોટરમાં બેસાડી તથા આર્થિક મદદ કરીને ઋષિકેશ તરફ રવાના કર્યા. અનેક સ્થળે બીજા લોકો આપણને ડગલે-પગલે ઉપયોગમાં આવતા હોય છે. એમના સ્થાનો આપણને સર્વત્ર છૂટથી ઉપયોગ કરવા આપતા હોય છે. આપણે પણ બીજાને ઉપયોગી થઈએ એવી પ્રવૃત્તિ કરવી જોઈએ. ભલે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણા શ્રાવકો કરે, પણ દૃષ્ટિ તો આપણા તથા શ્રાવકોના જીવનમાં હોવી જ જોઈએ.

ભગવાન ઉમાસ્વાતિ વાચક પણ તત્ત્વાર્થ-સૂત્રમાં **परस्परोपग्रहो जीवानाम्** આ વાત ખાસ જણાવી છે.

નીચે ગંગાજી પાસે ખીણમાં સકની ગામ છે. આ સ્થાન ખીણથી અત્યંત ઊંચે ધાર ઉપર હોવાથી સકનીધાર નામથી ઓળખાય છે. દુકાનદારે જે સ્થાને અમને ઉતરવા માટે આપ્યું હતું. રોડવેના ઓફિસરની જ જગ્યા હતી. રોડ-વેમાં (રસ્તાની સડકનો) કારભાર સંભાળતા ઓફિસર પાછળથી મળ્યા. ખૂબ ખૂબ સદ્ભાવથી પોતાની આખી ઓફિસ ખાલી કરીને અમને અનુકૂળતા કરી આપવાની એમણે તૈયારી દર્શાવી. પરંતુ થોડો રસ્તો કપાઈ જાય તો સારું એટલે સાંજે ત્યાંથી વિહાર કરી બછેલી ખાલ આવ્યા ત્યાં એક સ્કૂલ ચાલે છે. આજુ બાજુ ડુંગર ઉપર, ડુંગરની મધ્યમાં, તથા ડુંગરની ખીણમાં નાનાં--નાનાં ગામો છે. ત્યાંના દોઢસો જેટલા છોકરાઓ. આ સ્કૂલમાં ભણવા આવે છે. સ્કૂલનાં પ્રીન્સિપાલ પહેલાં તો ઊતરવા માટે જગ્યા આપવાની ના જ પાડી. સાધુ--સંતોને જગ્યા આપીએ છીએ, પછી એ લોકો અશુચિ કરીને અમારા કંપાઉન્ડને બગાડી નાખે છે.

અમે ગુજરાતમાંથી જેસલમેર ગયા અને જેસલમેરથી પોકરણ-રામાદેપીર-ફલોદી-ઓસિયા-નાગોર-બીકાનેર-દિલ્હી-હસ્તિનાપુર થઈ હરિદ્વાર આવ્યા ત્યાં રસ્તામાં મોટા ભાગે સ્કૂલમાં જ ઊતરવાનું થાય. ત્યાં સ્કૂલવાળાઓની આ જ ફરિયાદ હોય છે, તેથી ઊતરવાની જગ્યા મેળવતાં બહુ મુસીબત પડે છે. સાધુ--સાધ્વીઓએ આ બાબતની ખૂબ જ ઉપયોગ રાખવાની જરૂર છે. લોકોને અશુચિ તરફ ખૂબ નફરત હોય છે. એકની ભૂલને કારણે બધાને ભોગવવું પડે છે. માટે સાધુ--સાધ્વીઓએ જ્યાં ઊતર્યા હોય ત્યાં કંપાઉન્ડમાં ક્યાંયે અશુચિ કરવામાં ન આવે તેનો ખાસ ખ્યાલ રાખવો જરૂરી છે. અમે ખૂબ ખૂબ ખાતરી આપી પછી બછેલી ખાલની સ્કૂલના પ્રીન્સિપાલે અમને ઉતરવાની મંજૂરી આપી. વિશાળ પરસાળમાં રહ્યા.

પ્રિન્સિપાલે ઘણી વાતો કરી. સામે ગંગાજી જે સ્થાનની પ્રદક્ષિણા કરીને વહે છે ત્યાં મહાભારતકાર મહર્ષિ વ્યાસ રહેતા હતાં. વ્યાસચટ્ટીના નામથી આ સ્થાન પ્રસિદ્ધ છે. હિમાલયના આ પ્રદેશમાં સિદ્ધ પુરુષોનો વાસ છે. સૂક્ષ્મ શરીરે રહે છે. યોગ્ય આત્માઓને એમના દર્શન થાય છે. શ્રીનગર સુધી હિમાલયનો પહેલો તબક્કો છે. તે પછી છેલ્લા તબક્કાના મધ્યભાગમાં બદ્રીનાથ છે. અમને કહેવામાં આવ્યું કે અહી વાઘ આવે છે, પણ તમારે સાધુ--સંતોએ ડરવાની જરૂર નથી તમે ભગવાનના માણસો છો. રાત્રે વીજળીના જોરદાર કડાકા સાથે વરસાદ પડ્યો. પણ અમે પરસાળમાં સહીસલામત હતાં.

આજુબાજુ તદ્દન ઉભડક મોટા ઊંચા પહાડો ઉપર માણસ જઈ શકે એવો રસ્તો જ ન દેખાતો હોય ત્યાં ટોંચ ઉપર તથા મધ્યમાં રાત્રે દીવાઓના પ્રકાશ જોઈને ઘણી નવાઈ થઈ. પછી જાણવા મળ્યું કે ત્યાં ઘરો છે, માણસો છે, નાનાં નાનાં પાંચ--દશ--પચીશ ઘરોનાં ગામો પણ છે, ખેતી પણ ત્યાં થાય છે, ત્યાં દેવીનો મેળો ભરાય છે. આપણને આ બધી વાતો અસંભવ જેવી લાગે પણ ખરેખર હકીકત છે જીવનનિર્વાહ માટે માણસ શું શું કરે છે. ક્યાં-ક્યાં સુધી પહોંચે છે, એ આશ્ચર્યજનક છે. આ પહાડના વચમાં કોલેજ પણ છે. સ્કૂલ પણ છે. સ્કૂલ ઉપર પહોંચવા માટે પાંચ-સાત છોકરીઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અમારા પાસેથી જ પસાર થઈને ઉપર ચડવા લાગી ત્યારે અમે પણ તાજુબ થઈ ગયા.

**પત્ર – ૪**

**દેવ પ્રયાગ** **વૈશાખ વદ-૯**

બાગેશ્વરના શિવશક્તિસ્થળથી સાંજે છ વાગે નીકળ્યા ચાર કિલોમીટર, ઉપર મુકામ છે એમ અમારી સમજ હતી. રસ્તાને સર્વે કરનારની ભૂલ હતી કે અમારી સમજમાં ભૂલ હતી. ચાર કિલોમીટરને બદલે દસ કિલોમીટર નીકળી પડ્યું. દેવપ્રયાગ શહેર વચમાં આવ્યું તે પસાર કરી આગળ ચાલ્યા. જબરજસ્ત ચડાણ હતું. રાત પડી ગઈ હતી. ચારે બાજું અંધારું હતું. એક બાજુ પર્વત અને બીજી બાજુ ભગીરથ નદીની મોટી ખીણ ક્યાં પગ મૂકવો તેની ખબર પણ જલદી ન પડે. છેવટે જે કન્યા વિદ્યાલયમાં અમારે મુકામ હતો ત્યાં આવ્યા. અમારો ખ્યાલ હતો કે સડક ઉપર વિદ્યાલય હશે. પરંતુ કન્યા વિદ્યાલયમાં તો ખૂબ જ ઊંચે ચડીને જવાનું હતું. ત્યાં માંડ માંડ પહોંચ્યા અને રાત રોકાયા. ઉપર સ્થાન ઘણું સુંદર છે.

સામે જ મોટો પહાડ દેવપ્રયાગમાં છે આખા પહાડમાં મકાનો અને એમાં દીવા જ દીવા દેખાતા હતા. અમેરિકાના ન્યૂયોર્કમાં ૧૦૦ થી વધારે માળવાળા એમ્પાયર સ્ટેટ બિલ્ડીંગ નામના મકાનની વાતો બહુ જ પ્રસિદ્ધ છે. એના કરતાં પણ વધારે ઊંચુ આ પહાડનું દૃશ્ય દેખાતું હતું. આખા પહાડમાં ઉપર નીચે સર્વત્ર ઘરો છે. બધે ઈલેક્ટ્રીક પહોંચી ગઈ છે. એટલે ન્યૂયોર્કના મકાન કરતાં યે મોટું આ મકાન હોય એવો ભાસ થતો હતો. આખી રાત આ દૃશ્ય દેખાતું હતું. ખૂબ થાકી ગયા હતાં એટલે આજે અહીં જ રોકાઈ ગયા છીએ. ન્યૂયોર્ક કરતાં યે અદ્‌ભુત દૃશ્ય અમે અહીં જોઈ લીધું.

સવારમાં અહીંનો ચોકીદાર આવ્યો અને કહેવા લાગ્યો કે તમારો સામાન તરત ઉપાડો. હમણાં સ્કૂલ શરૂ થશે. એટલે ઉપાડીને પાસે જ અડીને રહેલા ભુવનેશ્વરી માતાના મંદિરના ખાંચામાં બેઠા કન્યા વિદ્યાલયના પ્રિન્સિપાલ અમિતા બહેન નોટિયાર આવ્યાં. એમને સમજાવ્યું કે અમે જૈન સાધુ છીએ. જિંદગીભર પગપાળા પ્રવાસ કરીએ છીએ. બધું સમજ્યાં પછી અમને અનેક સ્થાનો ખૂબ સદ્‌ભાવથી ખોલી આપ્યાં.

અહીં ગંગોત્રીથી ભાગીરથી નદીનો પ્રવાહ આવે છે, બદ્રીનાથથી અકલનંદાનો પ્રવાહ આવે છે. બંનેનો અહીં સંગમ થાય છે. આ નદીને ગંગા કહેવામાં આવે છે. તે પછી અનેક નદીઓના સંગમ સ્થાનને પ્રયાગ કહેવામાં આવે છે. આ મોટું તીર્થ સ્થાન છે અનેક ધર્મશાળાઓ તથા પ્રાચીન મંદિર છે. આશ્રમો બહુ નીચાણમાં છે. સડકથી ઘણું નીચે ઉતરવું પડે છે. અમે ઉપર વિદ્યાલયમાં રોકાયા છીએ.

આ હિમાલયનો પ્રવાસ છે, બદ્રીનાથની યાત્રા છે. નવી નવી અગવડો આવે છે, ભગવાનની--ગુરુ મહારાજની કૃપાથી અગવડોને પાર કરતાં જઈએ છીએ.

લગભગ ૧૫૦ વિદ્યાર્થીનીઓ અહીં ઊંચા ઊંચા પહાડોમાંથી ચાલીને અહીં ભણવા આવે છે. એક કલાક તો કેટલાકને ચાલીને આવવામાં થાય છે. છતાં આવા પહાડી પ્રદેશમાં પણ શિક્ષણનો ઘણો પ્રસાર વધી રહ્યો છે. શહેરી કન્યાઓ જેવી જ આ કન્યાઓ પોષાકમાં દેખાય છે.

સાંજે પ્રયાગ જોવા ગયા. અમારા સ્થાનથી ખૂબ ખૂબ નીચે ઉતરવાનું હતું. લગભગ ૨૫૦ જેટલાં ઊંચા ઊંચા પગથિયાં ઊતર્યાં. વચમાં રઘુનાથજીનું પ્રાચીન મંદિર છે. પ્રથમ શતાબ્દિમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવેલા કોઈક પ્રવાસીના ઉલ્લેખવાળો શિલાલેખ છે. ભારતના દિવ્ય ગણાતાં ૧૦૮ મંદિરોમાં આ મંદિરનું સ્થાન છે. પત્થરમાં કોતરેલી ઊભી રામચંદ્રજીની મૂર્તિ છે. એમ કહે છે કે રાવણનો વધ કર્યા પછી રામચંદ્રને પશ્ચાતાપ થયો કે 'રાવણ બ્રાહ્મણ હતો એટલે મેં બ્રહ્મહત્યા કરી' ને એટલે બ્રહ્મહત્યાના પાપ નિવારણ માટે રામચંદ્રે અહિં તપશ્ચર્યા કરી હતી. મંદિરની બાજુમાં જ રામચંદ્રે કરેલા તપના સ્થાનને બતાવવામાં આવે છે. એ પણ અમે જોયું. ત્યાંથી નીચે ઉતરીને પ્રયાગ પાસે ગયા. જ્યાં ભાગીરથી અને અલક નદીનો સંગમ થાય છે. અલકનંદા શાંત રીતે વહેતી વહેતી આવે છે. ભાગીરથી ઘોડાપુરની જેમ દોડતી સમુદ્રની જેમ મોઝા ઉછાળતી અને ઘુઘવાટા કરતી આવે છે. ભલભલો તારું પણ ડૂબી જાય, એવી તોફાન કરતી ભાગીરથી આવતી હતી. જિંદગીમાં યાદ રહી જાય એવું આ સંગમનું દૃશ્ય હતું. સંગમ પાસે જ બે ગુફા દિવરો હિમાલયમાં સૂર્યના તાપથી બરફ ઓગળે એટલે નદીમાં પૂર આવે તેથી દિવસે ગુફા પાણીમાં ડૂબી જાય છે. અને રાત્રે પૂર ન આવે એટલે ઓસરી જાય. અમે સાંજે ગયા હતા. પાણી તાજું જ ઓસરી ગયું હતું. ગુફાઓ ખુલ્લી થઈ ગઈ હતી. ગુફા પાસે બંને નદીઓના સંગમ પાસે થોડીવાર ઊભા રહીને પાછા ચડવા લાગ્યા. ચડતાં ચડતાં ફેંફેં થઈ ગયા. માંડ માંડ ચડીને પાછા અમારા સ્થાનમાં કન્યા વિદ્યાલયમાં આવી ગયા. બદ્રીનાથથી આવતી અલકનંદા અને ગંગોત્રીમાંથી આવતી ભાગીરથીનો સંગમ દેવપ્રયાગમાં જોયો. દેવપ્રયાગથી ગંગોત્રી તરફ એક રસ્તો સીધો જાય છે એટલે બદ્રીનાથ જતાં વાહનવ્યવહારમાં થોડોક ઘટાડો થયો. *


## ભાવનગર નાગરિક સહકારી બેંક લિ.

હેડ ઓફિસ : ૧૪, ગંગાજળીયા તળાવ, ભાવનગર ફોન : ૪૨૯૦૭૦ ફેક્સ નં. (૦૨૭૮)) ૪૨૩૮૮૯

**: શાખાઓ :**

| | | | |
|---|---|---|---|
| ડોન : કૃષ્ણનગર<br>ફોન : ૪૩૯૭૮૨ | વડવા પાનવાડી<br>ફોન : ૪૨૫૦૭૧ | રૂપાણી-સરદારનગર<br>ફોન : ૫૬૫૯૬૦ | ભાવનગર-પરા<br>ફોન : ૪૪૫૭૯૬ |
| રામમંત્ર-મંદિર<br>ફોન : ૫૬૩૮૩૨ | ઘોઘા રોડ શાખા<br>ફોન : ૫૬૪૩૩૦ | શિશુવિહાર સર્કલ<br>ફોન : ૪૩૨૬૧૪ | |

**તા. ૧૧-૫-૨૦૦૦ થી થાપણો ઉપરના સુધારેલ વ્યાજના દર**

| સલામત રોકાણ | આકર્ષક વ્યાજ | સલામત રોકાણ | આકર્ષક વ્યાજ |
|---|---|---|---|
| ૩૦ દિવસથી ૪૫ દિવસ સુધી | ૫.૫ ટકા | ૧ વર્ષથી ૨ વર્ષની અંદર | ૯.૫ ટકા |
| ૪૬ દિવસથી ૯૦ દિવસ સુધી | ૬.૫ ટકા | ૨ વર્ષથી ૩ વર્ષની અંદર | ૧૦ ટકા |
| ૯૧ દિવસથી ૧૭૯ દિવસ સુધી | ૭ ટકા | ૩ વર્ષથી ૫ વર્ષની અંદર | ૧૦.૫ ટકા |
| ૧૮૦ દિવસથી ૧ વર્ષની અંદર | ૭.૫ ટકા | ૫ વર્ષ કે તે ઉપરાંત | ૧૧ ટકા |

**૭૮ માસે ડબલ ઉપરાંત રૂા. ૧,૦૦૦/-ના રૂા. ૨,૦૨૫ મળે છે.**

**સેવિંગ્ઝ તથા ફરજિયાત બચત ખાતામાં વ્યાજનો દર તા. ૧-૪-૨૦૦૦ થી ૫ ટકા રહેશે.**

**મનહરભાઈ એચ. વ્યાસ** — જનરલ મેનેજર
**નિરંજનભાઈ ડી. દવે** — મેનેજિંગ ડીરેકટર
**વેણીલાલ એમ. પારેખ** — ચેરમેન


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સંસ્કારનું સિંચન

તમે એક વરસના ભવિષ્યની યોજના કરતાં હો તો અનાજનાં દાણા વાવો. દસ વરસનાં ભવિષ્યની યોજના કરતાં હો તો ઝાડ રોપો. પરંતુ સંપૂર્ણ જિંદગીના ભવિષ્યની યોજના કરવી હોય તો બાળકોમાં સંસ્કાર રોપો.

સંસ્કાર પામેલો બાળક સજ્જન બની, જિંદગી સુધીનું ભવિષ્ય સુધારી શકશે. નાની ઉંમરમાં સીંચેલા સંસ્કારો બકુલના પુષ્પ જેવા છે એની સુવાસ પણ ઉડી જતી નથી.

સંસ્કાર વિનાનું જીવન સુગંધ વિનાના સુમન જેવું છે. સંસ્કાર વગરનો માનવ સ્પ્રીંગ વગરના સોફા જેવો છે. માટે નાની ઉંમરથી બાળકોમાં સુંદર સંસ્કારોનું વાવેતર કરો.

*

સાચા હશે એ સૌને પ્રફુલ્લિત બનાવશે,
ખોટાના રૂપને ય સુશોભિત બનાવશે;
અત્તરના બિન્દુ પડશે જો કાગળના ફૂલ પર
માનવ! એ એને પણ સુવાસિત બનાવશે.

**SHASHI INDUSTRIES**

SELARSHA ROAD, BHAVNAGAR-364001
PHONE : (O) 428254-430539

Rajaji Nagar, BALGALORE-560010

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જીવનમાં ધાર્યું કરવું હોય તો.... અંતરાય કર્મ કરવાથી દૂર રહો !

—*દીપકભાઈ દેસાઈ*

જીવનમાં ઘણીવાર એવા પ્રસંગો બને છે કે આપણાં મનમાં ધાર્યું હોય કે આ કાર્ય કરવું છે ને એ સફળ ના થતું હોય એવું શા માટે? જે કાર્ય કરીએ છીએ એમાં વિરોધી શક્તિ આવે છે ને એ કાર્યને અટકાવે છે, તે શા માટે એવું થાય છે?

એનું સમાધાન એવું છે કે આપણને સાચું કાર્ય કરવા જતાં અટકાવે છે, એને અંતરાય કર્મ કહે છે. એવા અંતરાય શાથી પડી ગયા છે? એવું છે ને, એક દહાડો બગીચાથી કંટાળ્યો હોય ને, તો હું બોલી દઉ કે, 'આ બગીચામાં કોઈ દહાડો આવવા જેવું નથી.' અને પછી આપણે જ્યારે ત્યાં જવાનું થાયને, ત્યારે આપણે જ ઊભો કરેલો અંતરાય પાછો સામો આવે છે, તે બગીચામાં જવા ના મળે. આ જેટલાં અંતરાય છે એ બધાય આપણા જ ઊભા કરેલા છે, એમાં વચ્ચે કોઈની દખલ નથી. કોઈ જીવમાં કોઈ પણ જીવની ડખલ છે જ નહિ. પોતાની ડખલોથી જ આ બધું ઊભું થયું છે. આપણે બોલ્યા હોય કે, 'આ બગીચામાં આવવા જેવું નથી.' અને ફરી પાછા ત્યાં જવાનું થાય તે દહાડે આપણને મહા કંટાળો આવ્યા કરે, બગીચાના ઝાંપા સુધી જઈને પાછું આવવું પડે, એનુ નામ જ અંતરાય કર્મ! કારણ કે ડખલ કરી એટલે અંતરાય પડ્યો. ખાડી પાસે ઊભો રહ્યો હોય તો દુર્ગંધ આવ્યા કરે, ઘણુંય બગીચામાં જવું હોય પણ બગીચામાં જવાય નહિ, એનું શું કારણ? કે પોતે અંતરાય બાંધ્યા છે. આ ભોગવવાના અંતરાય બાંધ્યા છે એ અંતરાય તૂટે તો કામ થઈ જાય. પણ અંતરાય તૂટે કઈ રીતે? 'જવું છે પણ શાથી નથી જવાતું' એવો વિચાર કર કર કર્યા કરે ને, તો એ અંતરાય બધા તોડે કારણ કે વિચારોથી અંતરાય પડ્યાં છે અને વિચારો જ એ અંતરાયને તોડે છે, 'જવાય છે નહિ જઈએ તો શું જતું રહેવાનું છે?' એવા વિચારથી અંતરાય પડે છે અને જવું જ છે કેમ ના જવાય એ વિચારોથી અંતરાય તૂટે છે.

રાજા કોઈના પર ખુશ થઈ જાય એટલે કારભારીને કહે કે, 'આને એક હજાર રૂપિયા આપી દેજો.' ત્યારે પેલો કારભારી સો આપે. કેટલીક જગ્યાએ તો કારભારી ઠાકોરને સમજાવી દે કે, 'આ માણસમાં કશું છે જ નહિ, આ તો બધું ખોટું છે.' આપવા તૈયાર થયો હોય તેને આંતરે. ત્યારે એનું ફળ આવતાં ભવે શું આવે? ભાઈને કોઈ દહાડોય પૈસા ભેગા ન થાય. લાભાંતરાય થાય. કો'કના લાભને આપણે આંતર્યો એટલે લાભાંતરાય થાય એવી રીતે જે જે તમે આંતરો, કોઈના સુખના વિચારો, કોઈના વિષય-સુખને આંતરો, જે બધામાં તમે આંતરો પાડો તે બધાના તમને આંતરા પડે અને પછી શું કહેશે કે, 'મને અંતરાયકર્મ નડે છે.' કોઈ સત્સંગમાં આવવા તૈયાર થાય ને તમે ના કહો એટલે તમને અંતરાય પડે. એટલે જેમાં તમે આંતરો પાડો તેનું ફળ તમારે ભોગવવું પડશે. કેટલાક કારભારી તો એવા દોઢ ડાહ્યા હોય કે રાજાને પેલાને બક્ષિસ આપવા ના દે. રાજાને એવી સલાહ આપે ખરા! ત્યારે પછી એને કોઈ જગ્યાએ લાભ જ ના થાય. કેટલાંક તો કોઈ ગરીબ માણસને કોઈ માણસ આપતો હોય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તો એ પહેલા અંતરાય પાડે, અલ્યા એમાં ડખો શું કરવા કરો છો?

તમારે ત્યાં નાતમાં બધા જમવા બેઠા હોય, તેમાં એક જણ કહે કે, 'આ ચાર--પાંચ જણને જમવા બેસાડી દો.' ને તમે ના કહો ને, એ તમે જમવામાં અંતરાય પાડો છો. તે પછી તમે કોઈ જગ્યાએ એવી જ મુશ્કેલીમાં ખરેખર મુશ્કેલીમાં મુકાઈ જાવ. બીજાનામાં ડખલ કરી ત્યારે ભાંજગડ થઈને! એટલે આપણે એટલું સમજવું જોઈએ ને કે આ અંતરાય કર્મ સાથે આવે છે? જો જાણતા હોય તો આપણે ફરી એવું ના કરીએ ને? આ બધામાં તમારું જ આંતરેલું છે. જે છે તે તમારી જવાબદારી પર કર્યું છે. પોતાની જ જવાબદારી પર કરવાનું છે. માટે સમજીને કરજો. આ ઘરમાં બાબો આપતો હોય તોય તમે ના પાડી દો કે 'નથી આપવાના' તો એ બાબાને અંતરાય કર્મ નથી, પણ તમારે અંતરાય કર્મ પડ્યું.

આ તો અંતરાય કર્મ નડે છે, નહિં તો આત્મા જ્યાં પ્રાપ્ત હોય ત્યાં હરેક ચીજ હોય, જે જે વિચારે એ ચીજ હાજર જ હોય, પણ આ તો બધે પોતે અંતરાય પાડ્યા છે તેને લઈને બધું અંતરાયું છે! આત્મા હોય ત્યાં એની ઇચ્છા થાય તે પ્રમાણે બધું તૈયાર જ હોય. આત્મા તો ભગવાન છે. એ તો કંઈ જેવી તેવી વાત છે? પણ આપણે પોતે અંતરાય પાડ્યો છે એટલે શું થાય? આપણે તો આટલું સમજવું જોઈએ કે ભાઈ, આ અંતરાય કર્મ શાથી નડે છે? આ લોકમાં નથી કહેતા કે, 'મારે તો અંતરાય નડે છે?' અલ્યા, પણ શાથી? જો જાણતા હોય તો આપણે ફરી આવું ન કરીએ ને? કેટલા બધાં અંતરાય પાડ્યા છે જીવે! એવું સાંભળ્યું હોય કે, 'આ જ્ઞાની પુરુષ છે, હાથમાં મોક્ષ આપે છે, ચિંતા રહિત સ્થિતિ બનાવે છે.' તો પણ અંતરાય કેટલા બધા પાડ્યા છે કે એને વસ્તુની પ્રાપ્તિ જ ના થાય!

ભગવાન તો આપણી અંદર જ છે પણ કેમ દેખાતા નથી. ભગવાન ક્યાં છેટા ગયા છે? પણ શું થયું છે? કે વચ્ચે અંતરાય પડ્યાં છે, તે પોતાને શી રીતે દેખાય હવે? એ અંતરાય પોતે જ પાડ્યા છે. શું કહે છે કે, 'હું ચંદુલાલ છું' ત્યારે ભગવાન શું કહે છે કે, 'સારું ત્યારે જેટલું બોલ્યા એટલા તને આંતરા પડ્યા.' હવે એ આંતરા આપણે જ તોડવા પડશે પણ એ પોતાની જાતે પાછા તૂટે નહિ, એ તો આત્મજ્ઞાની પુરુષ ભેગા થાય, ને એ તોડી આપે, ત્યારે તૂટે!!

***(ગુજરાત સમાચાર તા. ૫-૧૦-૨૦૦૦ આગમનિગમ પૂર્તિમાંથી જનહિતાર્થે સાભાર)***

## શ્રી કલિકુંડ તીર્થ (ધોળકા)થી શ્રી સિદ્ધાચલજી મહાતીર્થ ૬'રી' પાલક સંઘયાત્રા

પ.પૂ. આ.શ્રીમદ્ વિજયપ્રભાકરસૂરિજી મ.સા. તથા પૂ. મુનિશ્રી હિતરુચિવિજયજી મ.સા. આદિ ગુરુ ભગવંતોની શુભ નિશ્રામાં અને શા ભૂરમલજી ચિમનાજી અંબાવત પરિવારના આયોજન નીચે ૬'રી' પાલક સંઘ આગામી તા. ૧૧-૨-૨૦૦૧ના રોજ કલિકુંડ તીર્થ (ધોળકા)થી શ્રી સિદ્ધાચલજી જવા પ્રયાણ કરશે. જેમાં ૬૦૦ જેટલા શ્રાવક-શ્રાવિકાઓ તથા સાધુ-સાધ્વીજીઓ તેમજ કાર્યકરો સહિત ૧૦૦૦ જેટલી સંખ્યા આ સંઘમાં જોડાશે.

જૈનોનો અભૂતપૂર્વ, અદ્ભુત, અલ્પહિંસક, યાંત્રિક વાહનો વગરનો વીજળીના વપરાશ વગરનો આ સંઘ કલિકુંડ તીર્થથી સિદ્ધાચલજીના ૧૯૧ કિ.મી. ૧૫ દિવસમાં પૂર્ણ કરી સિદ્ધાચલજી તા. ૨૫-૨-૨૦૦૧ને રવિવારે પહોંચશે. તા. ૨૬-૨-૨૦૦૧ના રોજ સંઘમાળ પહેરાવવામાં આવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્મપ્રકાશની મહત્તા

સૂર્યના પ્રકાશ કરતાંય આત્મપ્રકાશનું મહત્ત્વ વધારે આંકવું જોઈએ. અંદરનો આત્મપ્રકાશ અખંડપણે પ્રજ્વલિત ન હોય તો, મનમાં કોઈ પણ વસ્તુનું દર્શન ન થઈ શકે. સ્વપ્નમાં જે વિશાળ સૃષ્ટિ આપણે જોઈ શકીએ છીએ, તે કોના પ્રકાશમાં ? આત્મપ્રકાશમાં જ ને ? અંદર તો કોઈ ફાનસ કે વીજળી છે નહિ અને પ્રકાશ વિના તો કોઈ વસ્તુનું દર્શન ભાગ્યે જ થઈ શકે, આ ચોક્કસ વાત છે. તો મનમાં એ પ્રકાશ આવ્યો ક્યાંથી ? એ પ્રકાશ આત્માનો છે અને અખંડપણે વહ્યા જ કરે છે.

બાહ્ય રૂપનું જ્ઞાન કરવું હોય, તો ચક્ષુઈન્દ્રિયથી થાય છે. એમાં પણ પ્રકાશની આવશ્યકતા રહે જ છે. એ જ વસ્તુનું જ્ઞાન મનમાં કરવું હોય, તો બાહ્યપ્રકાશની કોઈપણ જાતની મદદ લીધા વિના, અંદરના આત્મપ્રકાશ વડે થઈ શકે છે. ચૈતન્યનું આવું મહત્ત્વ મનમાં ઠસાવવામાં આવે, તો જડ તરફનું આકર્ષણ ઘટ્યા વિના ન રહે.

બીજી રીતે પણ ચૈતન્યનો મહિમા સમજી શકાય છે : પચાસ, સાઠ, સિત્તેર કે એંસી વર્ષના જીવન દરમિયાન શરીરમાં કેટકેટલા ફેરફારો થાય છે ? બચપણનું સુકોમળ શરીર ક્યાં અને વય વધતાં છેલ્લી વૃદ્ધાવસ્થામાં ખખડી જતું શરીર ક્યાં ? આવા ફેરફારો વચ્ચેય આત્મામાં કે એના જ્ઞાનસ્વભાવમાં લેશમાત્ર ફેરફાર થતો નથી. આ પણ ચૈતન્યના મહત્ત્વને બતાવતી એક વિરલ વિશેષતા છે. આ સિવાય શરીરને શબ બનતી રોકનાર પણ ચૈતન્યશક્તિ જ છે. આ તો સર્વમાન્ય અને સર્વસિદ્ધ હકીકત છે.

---

With Best Compliments from :

**AKRUTI**

**NIRMAN PVT. LTD.**

201, Mukhyadhyapak Bhavan, Road No. 24,
Above Nityanand Hall, SION (W.) MUMBAI-400 022
Tele : 408 17 56 / 408 17 62 (code No. 022)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# એવા ચમત્કારોને સો ગજના નમસ્કાર

શ્રાવસ્તી નગરીમાં ભગવાન બુદ્ધના પરમ શિષ્ય કશ્યપની ભારે વાહવાહ થવા માંડી હતી.

કોઈ કહેતું, 'કશ્યપની સાધના તો ભારે મોટી! એણે અનેક સિદ્ધિઓ મેળવી લીધી છે!'

તો કોઈ કહેતું, 'ગમેતેમ તોય આ કશ્યપ, ભગવાન બુદ્ધનો શિષ્ય છે! એની પાસે મંત્ર-તંત્રની અજબ-ગજબ ચમત્કારિક શક્તિ હોય જ ને!'

વાત એવી બની હતી કે નગરના રાજાએ સિદ્ધ પુરુષોની પરીક્ષા કરવા માટે એક આકરી કસોટી યોજી હતી ને એ કસોટીમાં કશ્યપે અત્યંત આસાનીથી વિજય મેળવ્યો હતો.

સૌને તેણે વિસ્મયમાં મૂકી દીધા હતા.

ભલભલા મહારથીઓને એણે આજે પોતાની ચમત્કારિક શક્તિનો પરચો બતાવ્યો હતો!

રાજાએ નગરની વચ્ચે ચોકમાં એક ઊંચો સ્તંભ મુકાવ્યો હતો ને એ સ્તંભ ઉપર હીરારત્નજડીત એક સરસ મજાનો પ્યાલો મૂક્યો હતો. રાજાનું ફરમાન હતું કે જે કોઈ સિદ્ધ પુરુષ અહીં આવીને સ્તંભ ઉપર કે સીડી ઉપર ચડ્યા વિના કે બીજા કોઈ પણ પ્રકારના સાધનનો ઉપયોગ કર્યા વિના આ પ્યાલો પોતાની સાધના-સિદ્ધિના બળે ઉતારી શકશે, તેને રાજ્ય તરફથી સન્માનવામાં આવશે. એટલું જ નહીં, તે સિદ્ધ-પુરુષના મનની ઈચ્છાને પૂરી કરવામાં આવશે!

નગર આખુંય એવા સિદ્ધ મહાત્માની વાટ જોતું હતું, કોણ હશે એ દિવ્યાત્મા!'ની અટકળ સહું કરતાં હતાં.

એવામાં કશ્યપ ત્યાં આવ્યો. એના વ્યક્તિત્વમાં જાણે દિવ્ય તેજ હતું. સંયમ અને સાદગીના સમન્વયથી તેની મુખમુદ્રા સિદ્ધ પુરુષ જેવી શોભતી હતી. ત્યાં આવીને મંત્રપ્રયોગ કરીને, ઊંચા સ્તંભ ઉપરથી પેલો રત્નજડિત પ્યાલો પોતાના હાથમાં લઈ લીધો!

નગરજનો આભા બનીને જોતા જ રહ્યાં!

સ્વયં રાજા પણ દિંગ થઈ ગયો.

'રે! કેવી મહાન સિદ્ધિ! જેને સાક્ષાત્ ઈશ્વરની કૃપાભરી સહાય હોય એ જ આવી આકરી કસોટીમાંથી પાર ઉતરી શકે!'

ચોતરફ કશ્યપની દિવ્યશક્તિની મુક્તકંઠે વાહવાહ થવા લાગી.

ધીમે ધીમે આ વાત ભગવાન બુદ્ધ સુધી પહોંચી એ જ ક્ષણે ભગવાન બુદ્ધે કશ્યપને પોતાની પાસે તેડાવ્યો. કશ્યપને તો મનમાં એમ જ હતું કે, પ્રભુ પ્રસન્ન થઈને મને આશીર્વાદ આપશે.

હરખાતો હરખાતો એ આગળ વધ્યો.

એના ચહેરા પર વિજયનો આનંદ હતો.

પ્રભુએ એને કહ્યું, 'વત્સ! નગરમાં આજે તો તારી ચમત્કારિક શક્તિએ ભારે ચકચાર ફેલાવી છે!'

'આપના આશીર્વાદથી જ હું આ સિદ્ધિ પામી શક્યો છું, પ્રભુ!' કશ્યપ બુદ્ધનાં ચરણો પાસે આવી નતમસ્તકે વિનમ્રતાપૂર્વક બોલ્યો.

'મારા આશીર્વાદ સિદ્ધિની પ્રાપ્તિ માટે હોય, વત્સ! સિદ્ધિના પ્રદર્શન માટે હું આશીર્વાદ શી રીતે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપું?' ભગવાન તથાગતે સ્વસ્થભાવે કહ્યું.

'આપ નારાજ લાગો છો, પ્રભુ!'

હા... વત્સ!'

'મારી કાંઈ ક્ષતિ થઈ છે, પ્રભુ!'

'હા, વત્સ! સાધના અને સિદ્ધિ પામવાં એ જુદી વાત છે, ને એના થકી ચમત્કાર કરવા એ જુદી વાત છે. આપણું કાર્ય લોકોને ચમત્કારથી આકર્ષવાનું નથી, પણ ધર્મોપદેશ વડે સન્માર્ગે વાળવાનું છે. આપણે તો સદાચાર શીખવવાના છે. મૂલ્યોનો મહિમા કરવાનો છે, મંત્રનો નહીં! સાચા સિદ્ધાત્માને તો સદાચરણ સિવાય અન્ય કાંઈ ક્યારેય ન ખપે!'

'પ્રભુ મારો અપરાધ માફ કરો હવે પછી હું ક્યારેય ચમત્કાર નહીં કરું!' કશ્યપે પશ્ચાતાપનાં આસું સાર્યાં.

ચમત્કાર કરે છે તે પામર છે ને ચમત્કારને નમસ્કાર કરે છે એ કાયર છે. સિદ્ધ પુરુષ ધર્મની રક્ષા ખાતર ક્યારેક શક્તિનો ઉપયોગ કરે એ જુદી વાત છે, બાકી પોતાની વાહવાહ માટે ક્યારેક મંત્ર-તંત્રનો ઉપયોગ ન કરે.

જે ચમત્કાર કરે તેને નમસ્કાર કદીય ન કરાય. ચમત્કાર કરવા કોઈ પ્રેરાય તો સમજવું કે એની સાધના હજી ઘણી અધૂરી છે અથવા એની સિદ્ધિમાં કંઈક કલંક ભળેલું છે.

ચાલો, એવા ચમત્કારને સો ગજના નમસ્કાર કરી દઈએ!

*(લેખક શ્રી લક્ષ્મીચંદભાઈ છ. સંઘવીના પુસ્તક 'દ્દષ્ટાંત રત્નાકર'માંથી જનહિતાર્થે સાભાર)*

## ''સ્વાધ્યાય''

સ્વાધ્યાય અંગે ઘણું બધું લખાયું છે, કહેવાયું છે. તેમ છતાં માનવીના જીવનના વિકાસ માટે સ્વાધ્યાય ખૂબ જરૂરી છે. આ એક મહત્વનું વિલક્ષણ તપ છે. દરેક માનવીને આની જાણકારી હોવી જરૂરી છે. તેમજ આનું સતત્ ચિંતન અને મનન જરૂરી છે. સ્વાધ્યાય દ્વારા પોતાની જાતની ઓળખાણ થાય છે. સ્વાધ્યાય દ્વારા નવા નવા રહસ્યો જાણી શકાય છે. સ્વાધ્યાયથી ઘટનાની ચાવી મળે છે. સ્વાધ્યાય દ્વારા જીવનને ચારે બાજુથી જોઈ શકાય છે. સ્વાધ્યાય દરરોજ અને નિયમિત એકાગ્રતાથી કરવો જોઈએ. અને તેમાં દ્દઢતા હોવી જરૂરી છે. સ્વાધ્યાયને જૈનદર્શનમાં એક મહાન તપ તરીકે ઓળખાવેલ છે. સ્વાધ્યાય દ્વારા જ્ઞાનાવરણીય કર્મનો નાશ થાય છે. સ્વાધ્યાય અથવા વાંચના સાચા ગુરુ, સંત કે સાધુ મહાત્મા પાસેથી સાચા રહસ્યો જાણવા માટે લેવા જોઈએ. સ્વાધ્યાયમાં પ્રમાદ ન કરવો જોઈએ. સ્વાધ્યાય જીવનનું સાચું ભાથું છે. સ્વાધ્યાય આ ભવ અને પરભવ સાથે જાય છે. સ્વાધ્યાય શબ્દમાંથી ક્રિયામાં ઉતરે છે.

*કનુભાઈ હિંમતલાલ શાહ,*
*ભાવનગર*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વિવિધ વિચાર સરણીઓ

લેખક : નરોત્તમદાસ અમુલખરાય કપાસી (એડવોકેટ-મુંબઈ)

બાળકને નિહાળીને માતાના દિલમાં એના સર્જન પ્રત્યે સાહજિક પ્રીતિ પ્રગટે છે. પિતાને પાલન--પોષણની એની જવાબદારી પ્રત્યે લક્ષ્ય જાય છે. બંધુને એની સાથે રમત રમવાના કોડ જાગે છે. બેનને હરખઘેલી બનવાની તક પ્રાપ્ત થાય છે.

એક સ્નેહીને બાળક સુંદર ભાસે છે, અન્યને અસુંદર ભાસે છે. એકને બાળક આનંદિત લાગે છે. અન્યને ગંભીર લાગે છે. એકને સોહામણું દેખાય છે. અન્યને બિહામણું દેખાય છે.

સૌની દૃષ્ટિ અલગ અલગ છે. સૌ સ્વ-સ્વની દૃષ્ટિ સત્ય માને છે.

એક જ વ્યક્તિ પણ બાળક અંગે ભિન્ન ભિન્ન સમયે અને ભિન્ન સંયોગોમાં ભિન્ન ભિન્ન રીતે વિચારે છે.

સૌની અપેક્ષાઓ અને સૌની નિરીક્ષણ શક્તિઓમાં ભિન્નતા અને વિવિધતા હોય છે. તેમની સૌની દૃષ્ટિઓમાં આંશિક સત્ય હોઈ શકે છે. અન્યની દૃષ્ટિને અસત્ય માનવાની મનોવૃત્તિ અનુચિત છે.

પશુ-પંખીઓ પણ વિચાર કરી શકે છે. એમને પણ એમની દૃષ્ટિ હોય છે.

વિશ્વની વિશાળતાને નિહાળીએ તો અનંત દૃષ્ટિઓની કલ્પના થઈ શકે છે.

જૈન દર્શન પ્રત્યેક દૃષ્ટિને 'નય' તરીકે ઓળખાવે છે. વિશ્વમાંની વસ્તુઓ અનંત નયાત્મક છે. અનંત નયોનું એકીકરણ અશક્ય છે. નય માત્ર આંશિક સત્યનું સૂચન કરે છે. પૂર્ણ સત્ય ત્યારે જ પ્રાપ્ત થાય, જયારે સર્વ નયોનું એકીકરણ થાય.

સર્વ દૃષ્ટિઓનું અને સર્વ અપેક્ષાઓનું જૈન-દર્શન વર્ગીકરણ કરીને, એને બે વિભાગમાં વહેંચી આપે છે. એક છે વ્યવહારદૃષ્ટિ અને બીજી છે નિશ્ચયદૃષ્ટિ. વ્યવહાર દૃષ્ટિને 'વ્યવહાર નય' નામ આપવામાં આવે છે અને નિશ્ચયદૃષ્ટિને 'નિશ્ચયનય'નું નામ આપવામાં આવે છે. બન્નેમાં પેટાભેદો અનેક છે.

બન્ને દૃષ્ટિઓ પોતપોતાના ક્ષેત્રમાં સત્ય છે. એકને સત્ય તરીકે સ્વીકારવી અને અન્યને અસત્ય તરીકે લેખવી, એ સત્યનો અપલાપ કરવા બરોબર છે. બન્નેની સ્વીકૃતિ આત્માને શાંતિ આપે છે.

વ્યવહાર નય વ્યવહાર તરફ દૃષ્ટિ કરે છે. નિશ્ચય નય વર્તમાન દૃષ્ટિ નિહાળે છે. ક્યારેક તે શબ્દની માયાજાળમાં ઊતરે છે. વ્યવહાર નય વ્યવહાર ભાષા તરફ લક્ષ્ય રાખે છે, નિશ્ચય નય શબ્દના અર્થનું અવલંબન લ્યે છે.

વ્યવહાર નય વસ્તુની સામાન્ય સ્થિતિને નિહાળે છે. પરંતુ નિશ્ચય નય એની વર્તમાન સ્થિતિને નિહાળે છે. દા. ત. રાજયાભિષેક થયેલ રાજવીને વ્યવહાર નય 'રાજા'ને તરીકે સ્વીકૃતિ આપે છે. પરંતુ નિશ્ચય નય 'રાજા'ને ત્યારે જ 'રાજા' તરીકે સ્વીકૃતિ આપે છે કે જયારે તે રાજસભામાં બિરાજમાન હોય. નિશ્ચય નય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'નૃપ'ને ત્યારે જ 'નૃપ' તરીકે સ્વીકારે છે કે જ્યારે તે પ્રજાનું પાલન કરે છે. પાલન ન કરનાર નૃપને, નૃપ તરીકે નિશ્ચય નય સ્વીકૃતિ આપતો નથી.

વ્યવહાર ભાષાનો વ્યવહાર નય સ્વીકાર કરે છે. પરદેશ જતી વ્યક્તિ ગૃહાંગણ છોડીને જાય ત્યારે તે પરદેશ ગઈ એમ વ્યવહાર નય કહે છે. નિશ્ચય નય તે વ્યક્તિને વિદેશ ગઈ છે એમ ત્યારે જ કહે છે કે જ્યારે તે વિદેશમાં પહોંચે છે. જળ--પાનની ઇચ્છુક વ્યક્તિ જળનો પ્યાલો માંગે ત્યારે વ્યવહાર નય તે ભાષાને સત્ય ગણે છે. પરંતુ નિશ્ચય પીતળના અથવા કાચના પ્યાલામાં જળ માંગતા માનવીને સત્યભાષી તરીકે સ્વીકારે છે. રસોઈ પૂરી થવાની તૈયારી હોય ત્યારે રસોઈ થઈ ગઈ છે એમ બોલનારને વ્યવહારનય સત્યભાષી તરીકે સ્વીકારે છે. પરંતુ નિશ્ચય નય રસોઈ તદ્દન પૂરી થાય ત્યારે જ રસોઈ થઈ ગઈ છે એમ સ્વીકાર કરે છે. વસ્તુ બળવાની શરૂઆત થાય ત્યારે વસ્તુ બળી ગઈ એમ વ્યવહાર ભાષા વદે છે. પરંતુ નિશ્ચય નય વસ્તુ સંપૂર્ણ રીતે જળી જાય પછી જ તેને જળી ગઈ તરીકે સ્વીકારે છે.

જમવાની ક્રિયા, જળપાનની ક્રિયા વિ. દેહ કરે છે. એમ નિશ્ચયની ભાષા બોલે છે પરંતુ વ્યવહાર ભાષા સદેહી આત્મા જમે છે અથવા જળપાન કરે છે એમ કહે છે. મૃતક નથી જમતું, નથી જળપાન કરતું.

વ્યવહાર નય આત્માને સક્રિય અને કર્ત્તા તરીકે સ્વીકારે છે. નિશ્ચય નય આત્માને અક્રિય અને અકર્ત્તા તરીકે માને છે.

પરમાત્માને નમસ્કાર કરનાર આત્મા નમસ્કાર કરતો નથી એમ નિશ્ચય નય કહે છે. નિશ્ચય નયના અભિપ્રાય અનુસાર નમસ્કારની ક્રિયા દેહ કરે છે, આત્મા નહિ. વ્યવહાર નય નમસ્કારની ક્રિયાને આત્માની ક્રિયા તરીકે ઓળખે છે.

આચાર-પાલનમાં વ્યવહારનયની પ્રધાનતા છે. ધ્યેય પ્રત્યેના લક્ષ્યમાં નિશ્ચયનયની પ્રધાનતા છે.

વ્યવહાર નય દ્રવ્યાર્થિક નય છે. તેથી તેની દૃષ્ટિ સનાતનતા ઉપર દોરાય છે. નિશ્ચય નય, એ પર્યાયાર્થિક નય છે તેથી તેની દૃષ્ટિ ક્ષણિક અવસ્થા ઉપર દોરાય છે. દા. ત. આત્મા સનાતન અને શાશ્વત છે એમ વ્યવહાર નય પ્રરૂપણા કરે છે, જ્યારે નિશ્ચય નય આત્મા ક્ષણિક છે એમ પ્રરૂપણા કરે છે, વ્યવહારનયનું લક્ષ્ય આત્માની નિત્યતા ઉપર છે ત્યારે નિશ્ચયનયનું લક્ષ્ય આત્માના પલટાતાં સ્વરૂપ ઉપર છે. નિશ્ચયનય માનવીને, બાળક સ્વરૂપે, યુવા સ્વરૂપે અથવા વૃદ્ધ સ્વરૂપે નિહાળે છે.

વ્યવહાર નયથી દૃષ્ટિ પદાર્થના સામાન્ય સ્વરૂપ ઉપર હોય છે પરંતુ નિશ્ચયનયથી દૃષ્ટિ પદાર્થના વિશેષ સ્વરૂપ ઉપર હોય છે. દા. ત.. વ્યવહાર નય કાષ્ટની સોટીમાં કાષ્ઠની નિત્યતાને નિહાળે છે પરંતુ નિશ્ચય નય કાષ્ઠના સોટી-- સ્વરૂપને નિહાળે છે.

વ્યવહાર નયની નજરે પ્રત્યેક પદાર્થ અનુત્પન્ન અને અવિનાશી છે. નિશ્ચય નયની નજરે પ્રત્યેક પદાર્થ ઉત્પન્ન થાય છે. અને નષ્ટ થાય છે.

સત્યની સમજણ માટે દ્રવ્ય-દૃષ્ટિ અને પર્યાય-દૃષ્ટિ બન્ને આવશ્યક છે. બન્ને સ્વ-સ્વ ક્ષેત્રમાં સત્ય છે. અન્ય નયનો અપવાદ કરનાર નય, કુનય બને છે.

સ્યાદ્વાદની વિશાળતા સર્વે સત્ય દૃષ્ટિઓને પોતાનામાં સમાવે છે. પરિણામે વિવાદથી તે દૂર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહે છે. સમન્વય દૃષ્ટિને તે સ્વીકારે છે.

સમન્વયની સુંદર ભાવનાને પણ એની મર્યાદા છે. પરસ્પર વિરુદ્ધ માન્યતાઓનો સ્વીકાર સ્યાદ્વાદ સિદ્ધાંતમાં નથી. સત્ય અને અસત્ય બન્નેને સ્વીકૃત સ્યાદ્વાદ સિદ્ધાંતમાં નથી મળતી. જે દૃષ્ટિએ એક વસ્તુ સત્ય છે, તે જ દૃષ્ટિએ તે અસત્ય નથી હોઈ શકતી. પિતાની દૃષ્ટિએ જે પુત્ર છે તે તેની દૃષ્ટિએ પુત્ર જ છે પછી ભલે તે તેના મામાની દૃષ્ટિએ ભાણેજ હોય, લગ્ન સંબંધની દૃષ્ટિએ જે પત્ની છે તે તે દૃષ્ટિએ પત્ની જ છે. પછી ભલે તે ભોજનદાત્રી તરીકે માતાનું સ્વરૂપ ધરાવતી હોય. જન્મ દાત્રી તરીકે માતા તે માતા જ છે, પછી ભલે તે પિતાના અભાવમાં પાલક પણ હોય, અન્યાય દ્વારા પ્રાપ્ત થયેલું ધન અન્યાયી ધન જ છે, પછી ભલે તે દ્વારા સુજ્ઞ કાર્ય થતું હોય.

સ્યાદ્વાદની ભાવના સારી અને નરસી, બન્ને વસ્તુને સમાનતા નથી આપી શકતી. હિંસા એ હિંસા જ છે. રાજયના રક્ષણ માટે છે તેથી તે અહિંસા નથી બનતી. અસત્ય એ અસત્ય જ છે પછી ભલે તે અપરાધી પ્રત્યેની દયા માટે હોય. ચોરી તે ચોરી જ છે, પછી ભલે તે ચોરીનું ધન ગરીબોને વહેંચવામાં વપરાતું હોય. અબ્રહ્મ એ અબ્રહ્મ જ છે, પછી ભલે તે અત્સની પત્નીને આશ્વાસન આપીને પુત્રવતી બનાવવાની ભાવનાથી મિશ્રિત હોય.

સુકૃત્ય અને દુષ્કૃત્ય બન્ને, સ્યાદ્વાદની માન્યતા મુજબ સમાન નથી. વિષ-પ્રયોગ અને અમૃત-પ્રયોગ, બન્ને સમાન નથી. હિંસા અને અહિંસા સમાન નથી. સત્ય અને અસત્ય સમાન નથી. ચોરી અને દાન સમાન નથી. બ્રહ્મચર્ય અને વ્યભિચાર સમાન નથી. પરિગ્રહ વૃત્તિ અને નિષ્કામ વૃત્તિ સમાન નથી.

સ્યાદ્વાદ-સિદ્ધાંતમાં નથી અસ્થિરતા, નથી ચંચળતા અને નથી શંકાશીલતા. અનિશ્ચિતતા વાદ અને ફૂદડીવાદ સ્યાદ્વાદ--સંસ્કૃતિમાં નથી. સ્યાદ્વાદ-સંસ્કૃતિમાં છે. સ્પષ્ટતા, સત્યતા અને નિર્ણીતતા.

સર્વ સંસ્કૃતિઓ સમાન છે એમ માનવાની ધૃષ્ટતા સ્યાદ્વાદ--સંસ્કૃતિને સ્વીકાર્ય નથી. વિષમ વસ્તુઓની વિષમતા સ્વીકારવામાં સ્યાદ્વાદને કોઈ અંતરાય નડતો નથી. વિષ અને અમૃત, પુણ્ય અને પાપ, સંયમ અને સ્વચ્છંદતા, સ્વાર્થ અને પરોપકારિતા સમાન ન હોઈ શકે. તપોવૃત્તિ અને આહાર--લાલસા સમાન ન હોઈ શકે. પશુ-રક્ષા અને પશુ બલિદાન, બન્ને, સમાન ન હોઈ શકે. માનવીને બલિ તરીકે હોમી દેવાની સંસ્કૃતિ અને માનવીની રક્ષા માટે આત્મ--સમર્પણની સંસ્કૃતિ સમાન ન હોઈ શકે. ક્રોડો પશુઓની કતલ કરવાનો આદેશ આપતી સંસ્કૃતિ અને ક્રોડો પશુઓની રક્ષા માટે સ્વ--બલિદાન આપવાની સંસ્કૃતિ સમાન ન હોઈ શકે. સત્યના સ્વીકાર માટેનું ધર્મ-પરીવર્તન અને લાલચ દ્વારા થતું ધર્મ-પરિવર્તન સમાન ન હોઈ શકે. પ્રેમ પૂર્વકનું ધર્મ-પરિવર્તન અને બળાત્કાર દ્વારા થતું ધર્મ પરિવર્તન સમાન ન હોઈ શકે.

જયાં સમાનતા છે ત્યાં સ્યાદ્વાદ પ્રેમપૂર્વક સમાનતા સ્વીકારે છે. જયાં વિષમતા છે ત્યાં સ્યાદ્વાદ પ્રેમપૂર્વક વિષમતાને સ્વીકારે છે. નિષ્પક્ષતા, એ સ્યાદ્વાદની સિદ્ધિ છે.

પ્રશંસાના પુષ્પો પ્રાપ્ત કરવા માટે સમાનતાના ગીત ગાવાની વૃત્તિ, એ સત્યના સ્વીકારની વૃત્તિ નથી. પોતાની જાતને સમભાવી તરીકે માનવામાં થતી આત્મા--વંચના માનસિક સ્વ-પ્રશંસાનું જ એક અંગ છે. ***(ક્રમશઃ)***

*

For Private And Personal Use Only

# ભાવનગર મર્કન્ટાઈલ કો-ઓપરેટીવ બેન્ક લિ.

भावनगर मर्कन्टाइल को-ओपरेटीव वेन्क लि. Bhavnagar Mercantile Co-Operative Bank Ltd.

❑ **હેડ ઓફિસ :** લોખંડ બજાર, ભાવનગર ફોન : ૪૨૪૧૮૧, ૪૨૯૧૮૯

**બ્રાન્ચ :** ❖ માર્કેટીંગ યાર્ડ, ભાવનગર ફોન : ૪૪૫૦૦૮, ૪૪૬૨૬૧

❖ માધવદર્શન, ભાવનગર ફોન : ૪૨૦૭૯૯, ૪૨૬૪૨૧

**થાપણના વ્યાજનાં દરો** (તા. ૯-૮-૨૦૦૦ થી અમલમાં)

| | |
|---|---|
| ❖ સેવિંગ્ઝ | ૪.૫ % |
| ❖ ફિક્સ ડીપોઝીટ : | |
| ૩૦ દિવસથી ૧ વર્ષ કરતાં ઓછા સમય માટે | ૬ % |
| ૧ વર્ષથી ૨ વર્ષ કરતાં ઓછા સમય માટે | ૯.૫૦ % |
| ૨ વર્ષથી ૩ વર્ષ કરતાં ઓછા સમય માટે | ૧૦.૫૦ % |
| ૩ વર્ષથી ૫ વર્ષ કરતાં ઓછા સમય માટે | ૧૧ % |
| ૫ વર્ષ અને ઉપરાંતના સમય માટે | ૧૧.૫૦ % |

**: વધુ વિગત માટે બેન્કમાં રૂબરૂ સંપર્ક સાધો :**

**શ્રી કનૈયાલાલ વૃજલાલ પંડયા** (ચેરમેન)

**શ્રી વલ્લભભાઈ ભાઈલાલભાઈ પટેલ** (વા. ચેરમેન)

**શ્રી ઇન્દુકુમાર ઉકાભાઈ પટેલ** (મેનેજિંગ ડીરેકટર)


**શ્રી પુરુષોત્તમદાસ વૃજલાલ શાહ** (જો. મે. ડીરેકટર)

**શ્રી એમ. સી. પાઠક** (આસી. મેનેજર)

**CEL SUVIDHA**

Pre-paid Mobile Phone Card

***Anytime - Anywhere - Anybody***




## ટી-ચાર્જ કુપન ખરીદો, મોબાઈલ ફોન કવર/એસેસરીઝ મેળવવા માટે

....ઓથો. ડીસ્ટ્રીબ્યુટર....

# અમુલખ વિઠ્ઠલદાસ

૧૫, માધવહીલ, ભાવનગર. ફોન: ૪૩૯૨૯૯

વોરાબજાર, ભાવનગર. ફોન: ૫૧૯૪૦૬

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પુણિયાનું ચિત્ત સામાયિકમાં કેમ ડોલવા લાગ્યું ?

*સંકલન : મુકેશ સરવૈયા*
*(જીવન સુવાસ પુસ્તિકામાંથી સાભાર)*

પુણિયો શ્રાવક પ્રભુનો સાચો ભક્ત હતો.

એણે પોતાના સર્વ પરિગ્રહનો ત્યાગ કર્યો હતો અને માત્ર રૂની પૂણીઓ બનાવી તેને વેચીને પોતાની આજીવિકા ચલાવતો હતો.

આમાંથી જે કંઈ મળે તેનાથી પતિ--પત્ની સંતોષ માનતા હતા. બંનેના મનની ભાવનાઓ ઘણી ઊંચી હતી. બેમાંથી એક જણ ઉપવાસ કરે. ઉપવાસ એટલે આત્માની નજીક વાસ કરવો તે તો ખરું જ, પરંતુ ઉપવાસને કારણે જે ભોજન બચ્યું તે બીજાને ભાવથી બોલાવીને જમાડતા હતા.

સામાયિક તો પુણિયા શ્રાવકની. સામાયિક એટલે સમભાવ, સંયમ અને શુભભાવ, એ સામાયિક સમય જતાં પુણિયા શ્રાવકની અંતર-યાત્રાનું શિખર બની ગઈ.

એકવાર પુણિયા શ્રાવક સામાયિકમાં બેઠા હતા, પરંતુ ચિત્ત આત્મામાં સ્થિર થતું નહોતું. મન જરા ડોલતું હતું. અગાઉ ક્યારેય આવું બન્યું નહોતું અને એકાએક આવું બન્યું કેમ? શા માટે ચિત્ત આજે અસ્વસ્થ બન્યું?

વિચારમાં ડૂબેલા પુણિયા શ્રાવકે એની પત્નીને કહ્યું, ''અરે! આજે સામાયિકમાં કેમ ચિત્ત સ્થિર થતું નથી? કોઈ અનીતિવાળું દ્રવ્ય તો ઘરમાં આવ્યું નથી ને?''

પુણિયાની પત્નીએ કહ્યું, ''આજે ઘરમાં છાણા ન હોતા. રસ્તામાં જતી હતી ત્યાં અડાણા છાણા પડેલા જોયાં. એમાંથી થોડા છાણા લઈને આજે રસોઈ કરી છે. બાકી બીજું કશું ઘરમાં આવ્યું નથી કે હું કશું લાવી નથી.''

પુણિયાએ કહ્યું, ''બસ! આ જ તો સામાયિકમાં ચિત્ત સ્થિર ન રહેવાનું કારણ છે. એ અણહક્કના છાણાથી રસોઈ બનાવવામાં આવી એને પરિણામે આજે મન ડોલવા લાગ્યું.''

પુણિયાની પત્નીએ કહ્યું, ''છાણા તો રસ્તા પર પડ્યા હતા, તેનો કોઈ માલિક હોય તેવું પણ ન હતું,

પુણિયાએ કહ્યું, ''છાણાનો કોઈ માલિક ન હોય તો તો રાજા એનો માલિક ગણાય. આથી આપણે રાજદ્રવ્ય લઈ આવ્યા ગણાઈએ. એટલે છાણા ત્યાં પાછા મૂકી આવજે. અણહક્કનું આપણને કશું ખપે નહી.''

આ એ દેશ છે કે જ્યાં રસ્તા ઉપર પડેલાં અણહક્કના છાણા લેવામાં પણ અધર્મ ગણાતો હતો, ત્યાં આજે બીજાનું છીનવી લેવામાં પોતાની હોંશિયારી ગણાય છે. પુણિયાનો દાખલો બતાવે છે કે સાચો શ્રાવક કેવો હોય અને એની આત્મજાગૃતિ એને સતત જીવન શુદ્ધિ તરફ કેવી રીતે દોરી જનારી હોય છે. *

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂજ્યપાદ ગુરુદેવ મુનિરાજશ્રી ભુવનવિજયાન્તેવાસી
પ.પૂ. આગમપ્રજ્ઞ-તારક ગુરુદેવશ્રી
# જંબૂવિજયજી મહારાજ સાહેબના વ્યાખ્યાનો

(હપ્તો ૨૩મો) (ગુરુવાણી ભાગ-૨માંથી સાભાર....)

**સેન સવાઈની પદવી :-**

ઘણો સમય વીત્યા પછી ગુજરાતના શ્રાવકોએ સૂરિજીને વિનંતી કરી....ભગવંત આપના વિના ગુજરાત સૂનું પડ્યું છે. આપ હવે આ બાજુ પધારો. સૂરિજીએ બાદશાહ પાસે જવાની અનુમતિ માંગી....બાદશાહે કહ્યું કે પણ આપના વિના મને ધર્મ સંભળાવશે કોણ ? તેથી આપ આપના કોઈ શિષ્યને મૂકતા જાવ. બાદશાહના આગ્રહથી સૂરિજીએ સેનસૂરિ-મહારાજને ત્યાં રાખીને ગુજરાત તરફ વિહાર કર્યો. **બાપ કરતાં બેટા સવાયા હોય** તે પ્રમાણે સૂરિજી કરતાં સેનસૂરિ મહારાજ સવાયા નીકળ્યા. બાદશાહે તેમને **'સેન સવાઈ'**ની પદવી આપી.

**ઉનામાં અંતિમ સમય :-**

આ બાજુ સૂરિજી વિહાર કરીને પ્રથમ દાદાની યાત્રાએ સિદ્ધગિરિ પર પહોંચ્યા. અનેક સંઘો સાથે દાદાની યાત્રા ભાવપૂર્વક પૂર્ણ કરીને સૂરિજીએ ચોમાસા માટે ઉના તરફ પ્રયાણ કર્યું. સં. ૧૬૫૧નું ચાતુર્માસ સૂરિજીએ ઉનામાં જ વ્યતીત કર્યું. વિહાર અટકી ગયો. શરીર વધારે અસ્વસ્થ બની ગયું. એ સમયે તેમના પાટના અધિકારી વિજયસેનસૂરિ મહારાજ અકબર બાદશાહની પાસે લાહોરમાં હતાં. સૂરિજીને ગચ્છની ભલામણ કરવી હતી. તેથી તેમણે શિષ્યોને કહ્યું કે વિજયસેનસૂરિ જલ્દી આવે તેમ પ્રયત્ન કરો. લાહોર સમાચાર પહોંચ્યા. ચાલુ ચોમાસામાં સેનસૂરિ મહારાજે શીઘ્ર વિહાર શરૂ કર્યો. ગુરુદેવને મળવાની તાલાવેલી કોને ન હોય ? જેટલા ખેંચાય તેટલા વિહારો ખેંચે રાખે છે પણ આ બાજુ સૂરિજીની સ્થિતિ ગંભીર બનતી જાય છે. પર્યુષણના દિવસો આવ્યા. આવી નાજુક સ્થિતિમાં પણ કલ્પસૂત્રનું વ્યાખ્યાન વાંચ્યું. વ્યાખ્યાનના પરિશ્રમથી શરીર વધારે શિથિલ થઈ ગયું. ભાદરવા સુદિ ૧૦ના બધા શિષ્યોને હિતશિક્ષા આપી. બધાને ખમાવ્યા, અને ધ્યાનમાં બેસી ગયા. સં. ૧૬૫૨ના ભાદરવા સુદિ ૧૧ના સંધ્યા સમયે પદ્માસન લગાવીને માળા ગણી રહ્યા છે. ચાર માળા પૂરી થઈ અને જ્યાં પાંચમી માળા ગણવા જતા હતા કે તરત જ તે માળા હાથમાંથી નીચે પડી ગઈ. લોકોમાં હાહાકાર મચી ગયો. જગતનો હીરો ચાલ્યો ગયો. ભારત વર્ષમાં ગુરુ-વિરહનું ભયંકર વાદળ છવાઈ ગયું. સૂરિજીના નિર્વાણથી સર્વત્ર હાહાકાર મચી ગયો. ઉનાના સંઘે આ દુઃખદાયક સમાચાર પહોંચાડવા માટે ખેપિયાઓને રવાના કર્યા. એ સમયે તાર-ટપાલો નહોતાં. જ્યાં જ્યાં સમાચાર મળતા ગયાં ત્યાં દેવ વંદાવા લાગ્યા. ગામેગામ હડતાલો પડવા લાગી, સર્વત્ર શોક પ્રસરી ગયો. બીજી તરફ સૂરિજીની અંતિમક્રિયાને માટે ઉના અને દીવનો સંઘ તૈયારી કરવા લાગ્યો. તેર ખંડવાળી માંડવી તૈયાર કરી તેમાં સૂરિજીના પાર્થિવદેહને પધરાવવામાં આવ્યો. ગામની બહાર આંબાવાડીમાં ચંદનની ચિતા ખડકવામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવી. સૂરિજીના નશ્વરદેહને તેમાં પધરાવ્યો. આગ મૂકવાની કોઈની હિંમત ચાલતી નથી. છેવટે હૃદય કઠિન કરી હા ! હા ! કારની કારમી ચીસપૂર્વક ચિતામાં આગ મૂકવામાં આવી. આ ચિતામાં પંદર મણ સુખડ, ત્રણ મણ અગર, ત્રણ શેર કપૂર, ત્રણ શેર કેસર વગેરે નાંખવામાં આવ્યું. સૂરીજીનો નશ્વર દેહ વિલીન થઈ ગયો. તે સમયે ત્યાં રહેલા આંબા પર અકાળે કેરીઓ લચી પડી. જે આંબા વાંઝિયા હતા તે આંબા પર પણ કેરીઓ આવી. સૂરિજીના અગ્નિસંસ્કારની તે જગ્યા જૈન સંઘને અકબરબાદશાહે ભેટ આપી. આજે પણ તે આંબા-વાડિયું છે.

હવે આ બાજુ લાહોરથી રવાના થયેલા વિજયસેનસૂરિ મહારાજ ગુરુજીને મળવાની ઈચ્છા સાથે ઉગ્ર વિહાર કરતાં આવી રહ્યા છે. વિહારમાં સૂરિજીની તબિયતના ક્યાંય સમાચાર મળ્યા નહીં. પાટણ આવ્યા. ઉપાશ્રયમાં પગ મૂકતાં જ બધા શ્રાવકો દેવવંદન માટે ભેગા થઈને બેઠા છે. આ જોતાં જ સેનસૂરિ મહારાજના હૃદયમાં ધ્રાસકો પડ્યો. પૂછ્યું કે ગુરુદેવને કેમ છે ? ગુરુદેવ તો આપણને મૂકીને ચાલ્યા ગયા. આટલું સાંભળતાં જ એવો જોરદાર આઘાત લાગ્યો કે ત્યાં બારણામાં જ બેભાન થઈને પડ્યા. ત્રણ દિવસ સુધી બેભાન રહ્યા. છેવટે શ્રાવકોએ ભાનમાં આવતાં સમજાવ્યા. છતાં ગુરુદેવને ન મળ્યાનો અફસોસ વ્યક્ત કરતાં આંસુ સૂકાતાં નથી....તે પછી મુનિઓ સાથે ઉના આવ્યા. ગુરુજીની પાદુકાને ભાવથી વંદના કરી... અકબર બાદશાહને પણ સૂરિજીના કાળધર્મના સમાચાર મોકલવામાં આવ્યા. બાદશાહ પણ ચોધાર આસુંએ રડી પડ્યો. આવા હિંસક બાદશાહને અહિંસક બનાવનાર એ જગદ્‌ગુરુને ભાવભરી વંદના....!

## શ્રાવણ વદ-૧૩ પર્યુષણ-દ્વિતીય દિન

### સાધર્મિક વાત્સલ્ય :-

ઉત્તમમાં ઉત્તમ પર્યુષણા પર્વ. પૂ. જ્ઞાની ભગવંતોએ બતાવેલું છે આ પર્વની આરાધના માટે ગુરુ ભગવંતોએ પાંચ ઉપાયો બતાવ્યા છે. અમારિ પ્રવર્તન વગેરે. બીજો ઉપાય છે સાધર્મિકવાત્સલ્ય. સાધર્મિક વાત્સલ્ય એટલે સાધર્મિક તરફ સ્નેહભાવ. એક બાજુ બધા જ ધર્મો અને બીજી બાજુ સાધર્મિકવાત્સલ્ય બન્નેને બુદ્ધિરૂપી ત્રાજવાથી તોલવામાં આવે તો બન્ને સરખા ઉતરે છે. આપણને જે કાંઈ ધર્મ મળ્યો તે સાધર્મિકનો પ્રતાપ છે. આપણે અત્યારે જે કાંઈ આરાધના કરી રહ્યા છીએ તે કોને આભારી છે ? આ દહેરાસરો, ઉપાશ્રયો, સંસ્થાઓ કોઈએ બંધાવી છે. શા માટે ? સાધર્મિકોને સાધના માટે જ ને ! જો આ સાધર્મિકનો નાતો ન હોત તો આજે તમે ન હોત અને અમે ન હોત. પાંજરાપોળ વગેરે જે સંસ્થાઓ ચાલી રહી છે તે સાધર્મિકના બળ પર. આજે તમારે ત્યાં કાંઈપણ સંઘનો માણસ ટીપ માટે આવે તેને તમે લાખો રૂપિયા આપો તે શેના કારણે ? સાધર્મિકના સંબંધ પર જ ને ! તમે જો સાધર્મિકની વચ્ચે વસતા હો તો પર્વ-દહાડે ધર્મ કરવા પ્રેરાઓ. એક બીજાને ખેંચી લાવે. આપણે સાધર્મિકનો અર્થ બહુ ટુંકો કરી નાખ્યો છે. બધા ભેગા થઈને જમીએ એટલે સાધર્મિક વાત્સલ્ય થઈ ગયું. તેનો અર્થ તો ખૂબ વિશાળ છે. સાધર્મિક સાધર્મિકને ક્યારેય છેતરે નહીં, ફસાવે નહીં, શીશામાં ઉતારે નહીં. સાધર્મિક દુઃખી હોય તો બધી રીતે તેને મદદ કરવી જોઈએ. કારણ કે સાધર્મિક છે તો ધર્મ છે.

સાધર્મિકવાત્સલ્યની શરૂઆત ચક્રવર્તિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભરતમહારાજાથી થઈ. એમને થયું કે બધા ભાઈઓ તરી ગયા. હું એકલો રહી ગયો. તેથી તેમણે ધર્મની સદા જાગૃતિ રહે માટે એક વર્ગ ઉભો કર્યો. તેમણે માણસોને કહ્યું કે તમારે રોજ સભામાં આવવાનું અને મને રોજ કહેવાનું કે '**मा हण, मा हण जितो जितो भवान् वर्धते भीः, કોઈને મારશો નહીં, મારશો નહીં.' કષાયથી તમે જીતાઈ ગયા છો, જીતાય ગયા છો.** ભય વધી રહ્યો છે. આ રીતે દરરોજ તમારે મને સંભળાવવાનું. મારા રસોડે જ તમારે જમવાનું. મારે ત્યાં જ રહેવાનું. તમામ સગવડો રાજય તરફથી તમને આપવામાં આવશે. આ વર્ગને ઓળખવા માટે ભરત મહારાજાએ કાકિણી રત્નથી તેમના શરીર પર ત્રણ કાપા પાડ્યા. જ્ઞાન-દર્શન-ચારિત્રના પ્રતીક રૂપે. કાળક્રમે કાકિણી રત્ન ચાલ્યું ગયું પછી સોનાના ત્રણ તાર રાખતા....ધીમે ધીમે એ પણ ગયું. અને એ વર્ગ બ્રાહ્મણ તરીકે ઓળખાવા લાગ્યો. જે આજે જનોઈ પહેરે છે તેની શરૂઆત ત્યારથી છે. આ રીતે સાધર્મિકવાત્સલ્યની શરૂઆત થઈ.

### જાડું કપડું :-

પૂ. હેમચંદ્રસૂરિ મહારાજે કુમારપાળ દ્વારા સાધર્મિકવાત્સલ્ય કરાવ્યું હતું. એકવાર સૂરિજી શાકંભરી નગરીમાં પધાર્યા છે. ત્યાં કોઈ ગરીબ શ્રાવક રહેતો હશે. તેણે જાતે વણીને એક થેપાડું (જાડુ ધોતિયું) તૈયાર કરેલું. સૂરિજી પધાર્યા છે જાણીને તેણે વિચાર્યું કે આવું ઉત્તમ પાત્ર મને ક્યાં મળશે ? લાવ, આ મહાત્માની ભક્તિ કરું. તેથી તે થેપાડું તેણે આચાર્ય ભગવંતને વહોરાવ્યું. સૂરિજીએ એ વખતે તે થેપાડાને પોતાના વીંટીયામાં બાંધીને મૂકી દીધું. હવે વિહાર કરતાં પાટણ પધારે છે. *(ક્રમશઃ)*

## 'સુઘોષા'ના આદ્યસ્થાપક સોમચંદ ડી. શાહનું નિધન

જૈન સમાજના સુપ્રસિદ્ધ વિદ્વાન, આ સભાના સભ્ય અને 'સુઘોષા' માસીકના આદ્યતંત્રી શ્રી સોમચંદભાઈ ડી. શાહ (ઉ. વ. ૯૦) નું મંગળવાર તા. ૧૬-૧-૨૦૦૧ના રોજ પાલીતાણા ખાતે તેમના નિવાસ સ્થાને અવસાન થયું છે. જૈન ધર્મના પ્રાચીન--અર્વાચીન ગ્રંથો--પુસ્તકોના પ્રકાશક તરીકે તેઓ માત્ર ભારતમાં જ નહિ, બલ્કે સમગ્ર વિશ્વમાં સુપ્રસિદ્ધ હતાં. મહેસાણાની યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળામાં તેઓએ અભ્યાસ કર્યો હતો અને ત્યારપછી તેઓ પાલીતાણા આવી વસ્યા હતા, અને સ્વબળે પુસ્તક પ્રકાશનની સાથે 'કલ્યાણ' અને છેલ્લા ૩૯ વર્ષથી 'સુઘોષા' માસીક દ્વારા સમાજ અને શાસનની અવિરત સેવા બજાવી હતી.

આવા બુજર્ગ મહાનુભાવનું દુઃખદ અવસાન થતાં જૈન સમાજ અને શાસનને ન પુરી શકાય તેવી ખોટ પડી છે.

આ સભા સદ્ગતના આત્માને પરમકૃપાળુ પરમાત્મા પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરે છે.

*લિ. જૈન આત્માનંદ સભા,*
*ખારગેઈટ, ભાવનગર.*


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


ALANKAR

PHONE : (O) 517756; 556116

ALL KINDS OF
EXCLUSIVE FURNITURE



We Support your Back-Bone

**ALANKAR FURNITURE**

VORA BAZAR, NR. NAGAR POLE, BHAVNAGAR



આણા તથા પૈણાની એક્સક્લુઝીવ સાડીઓ
માટે વિશ્વાસપાત્ર સ્થળ એટલે જ



Bela

*Exclusive Sari Show-Room*

Haveli Street, Vora Bazar, Bhavnagar-364001
Phone : (O) 420264 (R) 426294


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


With Best Compliments From :

SHAH Electricals

AUTHORISED DISTRIBUTORS

| | | |
|---|---|---|
| **VINAY** | **REFLEX** | **METRO POWER** |
| ELECTRICAL GOODS | Wire & Cable | Minolta Fittings |
| **COZY** | **JENI** | **CROWN** |
| Unbreakable Accessories | Chowk - Patti | Water Pumpset |
| **SURYA** | **SUPER-WIZ** | **JUG-MUG** |
| Lamps-Tubes | Universal Instant Adhesive | Lamps-(Fancy) |
| **SONAL** | **CUTE** | **ENCORE** |
| Bopp Adhesive Tapes | Modular Range | Mixer-Grinder |
| **BAJAJ** | **MYSORE** | **CORD LESS** |
| Instant Geyser | Lamps - Tubes & Luminaires | **BELL PHONES** |

Mota Faliya, Nanbha Street, BHAVNAGAR-1 ✆ : O. 421705, R. 510921 FAX : 421250


**દવા લીધા વિના ટોનીક લેવા જનારો દર્દી, જેમ દર્દને રવાના કરવામાં સફળતા પામતો નથી.**

**તેમ**

**જીવમાત્ર પ્રત્યે પ્રેમ કેળવ્યા વિના પરમાત્માની ભક્તિ શરૂ કરી દેનારો સાધક, દોષનાશ કરવામાં સફળતા પામતો નથી.**


With Best Compliments From :

Unique Agencies

PHARMACEUTICAL DISTRIBUTORS

J.A.S. BUILDING, KHARGATE, BHAVNAGAR-364001 (GUJARAT)

PH. (0278) O. 432118, 430443 R. 436708, 422983


For Private And Personal Use Only

# તૃષ્ણાવાન અમીર જેવો બીજો કોઈ ગરીબ નથી

*—કુમારપાળ દેસાઈ*

સ્વામી આનંદસ્વરૂપ યોગસમાધિમાં લીન હતા. આ મસ્તયોગી પ્રાતઃ કાળે વૃક્ષની નીચે બેસીને પદ્માસન લગાવી ધ્યાનમાં ડૂબી જતા. આસપાસ ગમે તેટલી વ્યક્તિઓ ફરતી હોય કે ગમે તેટલો માનવ કોલાહલ થતો હોય, કિંતુ એમની યોગ સમાધિ અખંડ રહેતી.

એકવાર સ્વામી આનંદસ્વરૂપ સમાધિમાં બેઠા હતા અને એક ધનવાન એમને મળવા આવ્યા. સ્વામી સામે શાંત બનીને ઊભા રહ્યાં. થોડીવારે સમાધિ પૂર્ણ થતાં સ્વામીજીએ પોતાની સામે કરબદ્ધ ઊભેલી વ્યક્તિને જોઈ વાત્સલ્યથી પૂછ્યું, 'કહો ભાઈ! શું કામ છે મારું? કંઈ પૂછવું છે આપને?'

ધનવાને કહ્યું, 'ના સ્વામીજી! કોઈ ધર્મ જિજ્ઞાસા લઈને આવ્યો નથી, કિંતુ ધન લઈને આવ્યો છું. સમાજનાં કલ્યાણ અર્થે આપના દ્વારા એ ધન ઉપયોગમાં લેવાય તેવી મારી વિનંતી છે.'

સ્વામીજીએ એને પૂછ્યું, શું આપવા માંગો છો તમે?'

'પુરી એક હજાર સોના મહોર. આપ મારું આ દાન સ્વીકારો, એવી નમ્ર વિનંતી છે.'

સ્વામી આનંદસ્વરૂપ કશું બોલ્યા નહિ. આંખો મીંચી દીધી. થોડીવાર પછી કહ્યું, 'મને માફ કરજો' હું તમારું આ દાન સ્વીકારી શકું તેમ નથી.

'શા માટે ગુરુદેવ? અમારાથી કઈ અપરાધ થઈ ગયો છે?'

સ્વામીજીએ કહ્યું, 'જુઓ! ગરીબ માણસો પાસેથી હું કશું સ્વીકારતો નથી.'

ધનવાને આશ્ચર્ય અનુભવ્યું. એણે કહ્યું, 'અરે સ્વામીજી! આપને ગેરસમજ થઈ લાગે છે. મારી પાસે તો અઢળક સંપત્તિ છે.'

સ્વામીજીએ પૂછ્યું, 'તમારી પાસે જરૂર અઢળક સંપત્તિ હશે, પરંતુ શું તમે સતત વધુ સંપત્તિ મેળવવા માટે ફાંફાં નથી મારતા? રાત-દિવસ એક કરીને વધુ ને વધુ ધન મેળવવા દોડધામ નથી કરતાં?'

ધનપતિએ કહ્યું, 'સ્વામીજી, આપની વાત સાચી છે. અપાર સંપત્તિ હોવા છતાં આજે પણ ધનપ્રાપ્તિ માટે દોડ લગાવું છું. ધનનું એટલું આકર્ષણ છે.'

સ્વામીજી બોલ્યા, 'આ કારણે જ તમે ગરીબ છો. જેની ધનતૃષ્ણા છિપાઈ નથી, એના જેવા ગરીબ જગતમાં બીજા કોઈ નથી. ભિખારી કરતાં પણ તે વધુ 'દરિદ્ર' છે.'

માનવી જીવનભર તૃષ્ણાઓને તૃપ્ત કરવા માટે દોડ લગાવે છે. ધન હોય તે વધુ ધન માટે પ્રયાસ કરે છે. રૂપ હોય તે વધુ રૂપવાન થવા માટે પ્રયત્ન કરે છે, સત્તા હોય તે વધુ સત્તા મેળવવા દોડધામ કરે છે.

ગરીબ માણસ ગરીબ નથી. તૃષ્ણાવાન ધનવાન વધુ ગરીબ છે. ગરીબની ભૂખ ક્યારેક સંતોષાય છે, જ્યારે તૃષ્ણાવાનની તૃષ્ણા એને ભટકતો રાખે છે. એની પાસે જે હોય છે. એનાથી એને અતૃપ્તિ અને અસંતોષ હોય છે, ધન મેળવવા સતત બેચેન રહેતો હોય છે અંને નવા--નવા ઉપાય ઢુંઢતો રહે છે.

***(ગુજરાત સમાચાર તા. ૨૪-૧-૨૦૦૧ શતદલ પૂર્તિમાંથી સાભાર)***

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



अभवन् ये महान्तस्ते दुःखं तीर्त्वैव धैर्यतः ।
इत्थं दुखं सुसोढं सद् भवेत् कल्याणसम्पदे ॥

卐

જે જે મહાન્ થયા છે તે બધા આવેલા દુ:ખને ધૈર્યથી તરી જઈને જ મહાન્ થયા છે. આમ ઉપસ્થિત દુ:ખને શમભાવથી સહન કરવું એ કલ્યાણકારક પ્રક્રિયા છે. ૩૧

卐

All those who have become great or supreme, have become so only after crossing misery courageously and tranquilly. Thus misery which has come, if endured patiently, brings on the great ground of welfare. 31

*(કલ્યાણભારતી ચેપ્ટર-૫, ગાથા-૩૧, પૃષ્ઠ ૯૪)*

卐

પ્રતિ,

FROM :
**શ્રી આત્માનંદ પ્રકાશ**
હે. શ્રી જૈન આત્માનંદ સભા,
ખારગેઈટ, ભાવનગર-૩૬૪૦૦૧

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
મુદ્રક અને પ્રકાશક : 'શ્રી જૈન આત્માનંદ સભા, વતી શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહએ સ્મૃતિ ઓફસેટ, જૈન વિદ્યાર્થી ગૃહ કંપાઉન્ડ, સોનગઢ-૩૬૪૨૫૦માં છપાવેલ છે અને શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઈટ, ભાવનગરથી પ્રસિદ્ધ કરેલ છે.'

For Private And Personal Use Only